**તેજી હોય કે પછી મંદી,**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાસાહિક
ધી
ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું કાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123
નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com
NIRMAL METRO
Wednesday 25.07.2018
Year 06, Issue 184
દૈનિક

● વર્ષ : ૬ ● અંક : ૧૮૪ ● તા.૨૫.૦૭.૨૦૧૮ ● બુધવાર ● અષાઢ સુદ ૧૩ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

ઠેર ઠેર હિંસક વિરોધ પ્રદર્શન કરાતા સ્થિતિ વણસી

# હવે મહારાષ્ટ્રમાં મરાઠા અનામત આંદોલન હિંસક : કેટલાકને ઈજા

## ૭૨ હજાર સરકારી નોકરીની ભરતીમાં ૧૬ ટકા જગ્યા અનામત રાખવાનો નિર્ણય કરાયો હોવા છતાં હિંસા જારી : આંગચંપી-તોડફોડ કરવામાં આવી

### બજારની વાત

તા.૨૪.૦૭.૨૦૧૮

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૩૬,૮૨૫.૧૦ ૧૦૬.૫૦
(૦.૨૯%)

**નિફ્ટી**
૧૧,૧૩૪.૩૦ ૪૯.૫૫
(૦.૪૫%)

**કોમોડીટી**

**ક્રુડ**
૪,૭૫૨.૦૦ ૬૨.૦૦
૧.૩૨

**સોનું**
૨૯,૮૪૨.૦૦ -૩૦.૦૦ -
૦.૧૦

**ચાંદી**
૩૮,૫૦૨.૦૦ ૨૧૯.૦૦
૦.૫૭

**નેચરલ ગેસ**
૧૮૮.૧૦ -૦.૨૦ -૦.૧૧

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૬૮.૯૪ +૦.૦૯ ૦.૧૩

**યુરો / રૂપિયો**
૮૦.૫૬ +૦.૦૯ ૦.૧૧

**પાઉન્ડ / રૂપિયો**
૯૦.૬૦ +૦.૪૧ ૦.૪૫




એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૨૪

મહારાષ્ટ્રમાં શાંતિપૂર્ણરીતે ચાલી રહેલા મરાઠા અનામત આંદોલને આજે વિસ્ફોટક સ્વરુપ ધારણ કર્યું હતું. કેટલીક જગ્યાઓએ હિંસક દેખાવો થયા હતા. અનામતની માંગ કરી રહેલા એક દેખાવકારે નદીમાં કુદીને આપઘાત કરવાની ઘટના બાદ મરાઠા અનામત આંદોલને હિંસક વળાંક લીધો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા ૭૨૦૦૦ સરકારી નોકરીઓની ભરતીમાં મરાઠાઓ માટે ૧૬ ટકા હોદ્દા અનામત રાખવાનું વચન આપ્યું હોવા છતાં હિંસા ચાલી રહી છે. આંદોલનની આગ હજુ પણ શાંત થઇ રહી નથી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં વર્ષથી ઓછો સમય છે ત્યારે સ્થિતી વણસી રહી છે. ૨૦૧૯માં જ રાજ્ય વિધાનસભાની ચૂંટણી પણ યોજનાર છે. આવી સ્થિતિમાં મરાઠા આંદોલન ફડનવીસ સરકાર અને ભાજપ માટે પડકારરુપ બની શકે છે. મરાઠા સમુદાયની મુખ્ય માંગ સરકારી નોકરી અને શિક્ષણમાં સમુદાય માટે અનામત છે. ૨૦૧૪માં કોંગ્રેસ-એનસીપીની સરકારે મરાઠા સમુદાય માટે ૧૬ ટકા અનામતની જોગવાઈ કરી હતી. આના માટે પ્રથમ વખત ઈકોનોમિકલી એન્ડ બેકવર્ડ કોમ્યુનિટીની કેટેગરી બનાવવામાં આવી હતી. આ રીતે કુલ ૫૧ ટકા અનામત ક્વોટાથી વધી જતા અડચણો ઉભી થઇ હતી. મોડેથી મુંબઇ હાઈકોર્ટે મરાઠા અનામત ઉપર પ્રતિબંધ મુકીને કહ્યું હતું કે, મરાઠાઓને પછાત વર્ગમાં ગણી શકાય તેમ નથી. હજુ પણ આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. મરાઠા સમુદાય ઈચ્છે છે કે, સરકાર અનાતમની એવી વ્યવસ્થા તૈયાર કરે જેના કોર્ટ ફગાવી શકે નહીં. મહારાષ્ટ્રની કુલ વસ્તી પૈકી ૩૩ ટકા મરાઠી વસ્તી છે. એક સમુદાય તરીકે રાજકીયરીતે પણ ખુબ પ્રભાવશાળી અને શક્તિશાળી છે. ૧૯૬૦માં રાજયની રચના થયા બાદથી મહારાષ્ટ્રમાં બનેલા ૧૭ મુખ્યમંત્રી પૈકી ૧૦ આ સમુદાય સાથે જોડાયેલા રહ્યા છે. રાજ્યમાં ૫૦ ટકા શૈક્ષણિક સંસ્થાઓ ઉપર મરાઠા નેતાઓનું નિયંત્રણ છે. મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં ખાંડ મિલોની મહત્વની ભૂમિકા છે. ૨૦૦ ખાંડ મિલોમાંથી ૧૬૮ પર મરાઠાઓનું અંકુશ રહેલું છે. ૭૦ ટકા જિલ્લા સહકારી બેંકો ઉપર મરાઠાઓનું વર્ચસ્વ રહેલું છે. મહારાષ્ટ્રમાં અનામતને લઈને હિંસાની શરૂઆત થઇ છે. આજે અનેક જગ્યાઓએ આગ ચાંપવામાં આવી હતી. દેખાવકારોએ માર્ગો ઉપર ટાયર સળગાવીને વિરોધ કર્યા હતા. સ્થિતિને કાબૂમાં લેવા પોલીસને ભારે જહેમત ઉઠાવી પડી હતી. સાયન-પનવેલ હાઈવે ઉપર કામોઠા નજીક ટાયર સળગાવીને દેખાવો કરાયા હતા. ઔરંગાબાદ-પુણે માર્ગને બંધ રાખવાની ફરજ પડી છે. ઔરંગાબાદમાં સરકારી બસની સેવા બંધ રાખવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકારમાં ભાગીદાર શિવસેના પણ મરાઠા અનામતને સમર્થન કરી રહી છે. મરાઠા અનામતમાં ખુબ વિલંબ થઇ ચુક્યો છે. મરાઠા અનામત આંદોલન હિંસક બન્યા બાદ એક પોલીસ અને અન્ય બેને ઈજા થઇ છે. ઔરંગાબાદ જિલ્લામાં ટોળાએ ફાયર બ્રિગેડની ગાડીને આગ ચાંપી હતી. ૨૩ વર્ષીય કાકાસાહેબ દત્તાત્રેય શિંદેએ આપઘાત કરી લીધો છે. અનામતની માંગણીને લઇને ગોદાવરી નદીમાં કુદીને સોમવારે આપઘાત કરાયા બાદ હિંસાની શરૂઆત થઈ છે. શિવસેના સાંસદની સાથે ટોળાએ ઝપાઝપી કરી હતી.

દેખાવકારોએ ઔરંગાબાદ-પુણેમાં નાકાબંધી કરી છે. સ્થિતિ તંગ બની ગઈ છે. બીજી બાજુ શાંતિ જાળવવા માટે મુખ્યમંત્રી અપીલ કરી છે. કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યું છે કે, મુખ્યમંત્રી ફડનવીસ આના માટે જવાબદાર છે. મરાઠા ક્રાંતિ મોરચા દ્વારા હિંસા ફેલાવવામાં આવી રહી છે. મરાઠા સંગઠનના અનેક કાર્યકરોની ગઈકાલે અટકાયત કરાઈ હતી.



થાઈલેન્ડની થામ લુઆંગ ગુફામાંથી બહાર કાઢવામાં આવેલા જુનિયન ફૂટબોલ ટીમના બાળકો બૌદ્ધ ભિક્ષુક બનશે. મંગળવારે ટીમના ૧૨માંથી ૧૧ બાળકોએ ભિક્ષુક બનવા તરફ પહેલું પગલું ઉઠાવ્યું. બાળકો આ કામ રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન મૃત્યુ પામેલા નેવી સીલ ઓફિસરના સન્માનમાં કરી રહ્યા છે. ૧૨ બાળકો તેમના કોચની સાથે ત્રણ અઠવાડિયા સુધી ગુફામાં ફસાયેલા હતા. તેઓને ૮ જુલાઈના રોજ બહાર લાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ૧૦ જુલાઇ સુધી તમામ બાળકોને કોચ સહિત ગુફામાંથી બહાર લાવવામાં આવ્યા હતા.

સેંસેક્સ ૧૦૬ પોઈન્ટ ઉછળીને ૩૬૮૨૫ની સપાટી ઉપર

# બેંચમાર્ક ઈન્ડેક્સ રેકોર્ડ સપાટી પર બંધ : કારોબારી આશાવાદી બન્યા

## નિફ્ટી ૫૦ પોઈન્ટ ઉછળીને ૧૧૧૩૪ની સપાટી ઉપર : ઈન્ટ્રા ડે દરમિયાન બંને ઈન્ડેક્સમાં ઉલ્લેખનીય તેજી : મેટલ ઈન્ડેક્સમાં ત્રણ ટકા સુધીનો ઉછાળો

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૨૪

શેરબજારમાં આજે રેકોર્ડ તેજી જોવા મળી હતી. શેરબજારમાં રેકોર્ડ ઉંચી સપાટીના પરિણામ સ્વરુપે કારોબારીઓ ખુશ દેખાયા હતા. બીએસઈ સેંસેક્સ આજે ૧૦૬ પોઈન્ટ ઉછળીને ૩૬૮૨૫ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઈન્ડેક્સ ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન ૩૬૯૦૨ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી ઈન્ડેક્સ ૫૦ પોઈન્ટ ઉછળીને ૧૧૧૩૪ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડેની કામગીરી દરમિયાન નિફ્ટી ૧૧૧૪૩ની છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં ૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. હિન્ડાલ્કો, જિંદાલ સ્ટીલમાં ઉલ્લેખનીય તેજી રહી હી. આવી જ રી નિફ્ટી રિયાલીટી ઈન્ડેક્સમાં ૨.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ડીએલએફ અને યુનિટેકના શેરમાં તેજી રહી હતી. તેલકિંમતોમાં ઉથલપાથલ જારી રહી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં ૧૦ સેન્ટનો ઘટાડો થયો છે જેથી તેની કિંમત બેરલદીઠ ૭૨.૯૬ ડોલર સુધી પહોંચી છે. ત્રિમાસિક ગાળાના પરિણામ પણ હવે જારી કરવામાં આવનાર છે. ભેલ, કેનેરા બેંક, એચસીએલ ઈન્ફો સિસ્ટમ, હિરો મોટો અને પીવીઆર દ્વારા બુધવારના દિવસે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. આવી જ રીતે ટેલિકોમની મહાકાય કંપની ભારતી એરટેલ, બાયોકોન, આઈટીસી, મારુતિ સુઝુકી, તાતા પાવર, તાતા કોફી, યશ બેંક દ્વારા ગુરુવારના દિવસે જૂન મહિનાના ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે. બેંક ઓફ બરોડા, એચસીએલ ટેક, આઈસીઆઈસીઆઈ બેંક, એમ એન્ડ એમ ફાઈનાન્સ દ્વારા શુક્રવારના દિવસે તેમના પરિણામ જાહેર કરવામાં આવનારા છે. કારોબારમાં ઉથલપાથલ રહી શકે છે. કારણ કે, વેપારીઓ એફ એન્ડ ઓ સેગ્મેન્ટમાં સ્થિતિને લઇને ગણતરી કરી રહ્યા છે. જુલાઈ એફ એન્ડ ઓ કોન્ટ્રાક્ટની અવધિ ગુરુવારના દિવસે પુરી થઇ રહી છે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં શનિવારના દિવસે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જેમાં અનેક પ્રોડક્ટ ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વસ્તુઓ પર ટેક્સના રેટમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જે ચીજવસ્તુઓ ઉપર ટેક્સ સ્લેબ ઘટાડવામાં આવ્યા હતા તેમાં પેઈન્ટ્સ, લેધરની ચીજવસ્તુઓ, સ્ટોવ, ટેલિવિઝન, વોશિંગ મશીનનો સમાવેશ થાય છે. આ તમામ ઉપર રેટને ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો હતો. સેનેટરી નેપકિનને ટેક્સમુક્ત કરવાનો નિર્ણય કરાયો હતો. પેટ્રોલ સાથે સંબંધિત ઈથેનોલ ઉપર રેટને પણ ઘટાડવામાં આવ્યો હતો. ૧૦૦૦ રૂપિયા સુધીના ફુટવેર અને ફર્ટિલાઈઝર ગ્રેડ ફોસ્ફોરિક એસિડ પર ટેક્સ રેટને ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો હતો. અવિશ્વાસ પ્રસ્તાવ ઉડી બાદ તેની પણ અસર બાજારમાં જોવા મળી શકે છે. અવિશ્વાસ દરખાસ્તની તરફેણમાં શુક્રવારે ૧૨૬ અને વિરુદ્ધમાં ૩૨૫ મત પડ્યા હતા. ઉપરાંત ઈસીબી પોલિસીની બેઠક, યુએસ જીડીપીના ડેટાની અસર પણ જોવા મળી શકે છે. મોનસુનમાં પ્રગતિ, ગ્લોબલ માર્કેટમાં પ્રવાહ, ટ્રેડવોરને લઈને તંગદિલી, વિદેશી મૂડીરોકાણકારો દ્વારા રોકાણ, ક્રૂડ ઓઈલની કિંમત જેવા અન્ય પરિબળો પણ જોવા મળી શકે છે. શેરબજારમાં ગઈકાલે હકારાત્મક રાજકીય પરિબળોની સ્થિતિ વચ્ચે સેંસેક્સ અને નિફ્ટી બંને ઉંચી સપાટીએ બંધ રહ્યા હતા. અંતે સેંસેક્સ ૨૨૨ પોઈન્ટ ઉછળીને ૩૬૭૧૯ની સપાટીએ રહ્યો હતો.

સ્કુલ અને કોલેજો બંધમાં સામેલ થશે નહીં

# થાણે, નવી મુંબઈ, રાયગઢમાં આજે બંધ : સલામતી મજબૂત

## લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે મરાઠા અનામત આંદોલન પડકારરુપ બને તેવા એંધાણ

એજન્સી દ્વારા
મુંબઈ,તા. ૨૪

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં મરાઠા અનામતને લઈનો શરૂ થયેલા વિરોધ પ્રદર્શનની આગ હવે ધીમે ધીમે મુંબઈ તરફ વધી રહી છે. મરાઠા ક્રાંતિ સમાજે બુધવારે થાણે, નવી મુંબઈ અને રાયગઢમાં બંધનું એલાન આપ્યું છે. સંગઠનના કહેવા મુજબ આ બંધમાં સ્કુલ અનો કોલેજનો સામેલ કરવામાં આવશે નહીં. મરાઠાઓના વિરોધ પ્રદર્શન વચ્ચે સ્થિતિ વણસી રહી છે. મરાઠા સમુદાયે રાજ્ય સરકારને હજુ સુધી કોઇ ભરતી નહીં કરવાની પણ માંગ કરી છે. જ્યાં સુધી નોકરીમાં તેમનો અનામતની માંગ સ્વીકારવામાં આવશે નહીં ત્યાં સુધી ભરતી ન કરવા માટે કહેવામાં આવ્યું છે. ઔરંગાબાદમાં સરકારી બસોની સેવા બંધ કરી દેવામાં આવી છે. ભાજપ અને શિવસેના બંને ખુબ જ સાવધાનીપૂર્વક આ મામલામાં આગળ વધી રહ્યા છે. જો કે, મુંબઈ સુધી મરાઠા આંદોલનની આગ પહોંચ્યા બાદ દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં સુરક્ષા મજબૂત કરાઈ છે.

૧૦ કરોડ ૫૯ લાખ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે

# પાકિસ્તાન : હિંસાની દહેશત વચ્ચે આજે ચૂંટણી, મતદારોમાં ઉત્સાહ

## નવાઝ શરીફની પાર્ટી અને બેનેઝીર ભુટ્ટોની પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા : સમગ્ર પાકિસ્તાનમાં મજબુત સુરક્ષા : તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી

એજન્સી દ્વારા
ઈસ્લામાબાદ,તા. ૨૪

પાકિસ્તાનમાં આવતીકાલે યોજાનાર સામાન્ય ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામ રાજકીય પક્ષો દ્વારા પોત પોતાની રીતે જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. આવતીકાલની સામાન્ય ચૂંટણીને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે.પાકિસ્તાનમાં સંસદની કુલ ૩૪૨ સીટો રહેલી છે. જેમાંથી ૭૦ સીટો અનામત છે. છેલ્લી ચૂંટણીમાં પીએમએલ-એન દ્વારા એકલા હાથે ૧૭૦ સીટો જીતી લેવામાં આવી હતી. જો કે આ વખતે તેની સ્થિતી સારી દેખાઈ રહી નથી. પાકિસ્તાનની રાજનીતિમાં વધારે અભ્યાસ કરનાર લોકો કહે છે કે પંજાબ પ્રાંતમાં શાનદાર દેખાવ કરનાર પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવે છે. ભારતમાં જે રીતે લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશ પર મુખ્ય ધ્યાન રહે છે તે જ રીતે પાકિસ્તાનમાં પંજાબ પ્રાંતમાં નજર રહે છે. પંજાબ પ્રાંતમાં સૌથી વધારે વસ્તી છે. સંસદની કુલ ૨૭૨ સીટો પૈકી ૧૪૭ પંજાબમાં છે. પંજાબમાં મતદારો જોરદાર રીતે મતદાનમાં ભાગ લેવા માટે તૈયાર છે. પાકિસ્તાનમાં ૧૦ કરોડ ૫૯ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. જે પૈકી ચાર કરોડ ૬૭ લાખ મહિલા મતદારો છે. ચૂંટણીમાં ૭.૫ લાખ સુરક્ષા કર્મચારીઓની તૈનાતી કરવામાં આવી છે. પાકિસ્તાનની ચૂંટણીમાં આ વખતે ૩૪૫૯ ઉમેદવારો મેદાનમાં છે. જે પૈકી ૧૭૧ મહિલા ઉમેદવારો છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પહેલાથી જ તૈયારી કરવામાં આવી છે. તમામ અશાંત ક્ષેત્રોમાં ખાસ સુરક્ષા છેલ્લા કેટલાક દિવસ પહેલા જ ગોઠવી દેવામાં આવી છે. પાકિસ્તાનના લોકો પણ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. પૂર્વ ક્રિકેટ ખંલાડી ઈમરાન ખાનની લોકપ્રિયતા ઝડપથી વધી રહી છે. તેમની પાર્ટી શાનદાર દેખાવ કરે તેવી શક્યતા છે. જો કે બીજી બાજુ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ અને બેનેઝીર ભુટ્ટોની પાર્ટીએ પણ જોરદાર દેખાવ કરવા માટે કમર કસી લીધી છે. પાકિસ્તાનમાં ચૂંટણીની અલગ પ્રક્રિયા રહેલી છે. પાકિસ્તાનમાં યોજાનાર ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તમામ તાકાત લગાવી ચૂકી છે.હવે તેમના ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. પાકિસ્તાનમાં ચૂંટણી ઈતિહાસ પર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે ૭૧ વર્ષમાં ૪૫ વર્ષ સુધી વડાપ્રધાન રહ્યા છે. જ્યારે બાકી ૨૬ વર્ષમાં સૈન્ય શાસન રહ્યુ છે. પાકિસ્તાનમાં સૌથી કમનસીબ બાબત એ છે કે ત્યાં ૨૯ વડાપ્રધાન થઈ ચુક્યા છે પરંતુ કોઈ પણ વડાપ્રધાને તેમની અવધિ પૂર્ણ કરી નથી. સૌથી ઓછી અવધિ ચાર દિવસની રહી છે જ્યારે સૌથી વધારે અવધિ ૧૫૪૭ દિવસની રહી છે. જનરલ અયુબ ખાન ૧૯૫૮માં ચાર દિવસ માટે વડાપ્રધાન રહ્યા હતા. ત્યાર બાદ પોતાને રાષ્ટ્રપતિ જાહેર કરીને ૧૪ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન ચલાવ્યુ હતુ. પાકિસ્તાનમાં ચાર દિવસથી લઈને ૧૫૪૭ દિવસો સુધી વડાપ્રધાનની અવધિ રહી છે. લિયાકત અલી સૌથી વધારે સમય સુધી એટલે કે ૧૫૨૩ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. મોહમ્મદ અલી ૮૪૭ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. જુલ્ફીકાર અલી ભુટ્ટો ૧૪૨૧ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. નવાઝ શરીફ ૮૯૪ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા છે. બેનેઝીર ભુટ્ટો ૧૧૧૩ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહી ચુક્યા છે. નવાઝ શરીફ જુદી જુદી અવધિમાં વડાપ્રધાન તરીકે રહી ચુક્યા છે. મોહમ્મદ અલી ઝિણાની રાજકીય મહત્વકાંક્ષાના કારણે અંગ્રેજોને ભારતના ટુકડા કરવાની ફરજ પાડી હતી. ત્યારબાદ પાકિસ્તાનના નેતાઓએ તેમની મહત્વકાંક્ષાના કારણે સેનાને એવી તાકાત આપી દીધી હતી જેના કારણે પાકિસ્તાનમાં લોકશાહી આજે પણ ફફડી રહી છે. પાકિસ્તાન મુસ્લિમ લીગ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી જનતામાં પોતાની પક્કડને જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. સેના પોતાના મહત્વને જાળવી રાખવા માટે તૈયાર છે. તમામ જાણકાર લોકો કહી રહ્યા છે કે નવાઝ શરીફને સત્તાથી દુર રાખવા માટે સેના પરોક્ષ રીતે પોતાની રીતે તમામ પગલા લઈ રહી છે. એવા તમામ પાસાનો ઉપયોગ સેના કરી રહી છે જેવા પ્રયાસો કોઈ સમય નવાઝ શરીફને સેનાના વડા બનાવવા માટે કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનમાં ચૂંટણીને લઈને પાકિસ્તાની સેના પણ તૈયાર છે. પાકિસ્તાનમાં ચૂંટણીની વાત કરવામાં આવે તો આ વખતે ૩૭૧૦૦૦ જવાનો અથવા તો સેનાના કુલ જવાનો પૈકી ૫૯.૮૩ ટકા જવાનોની તૈનાતી કરી દેવામાં આવી છે. પાકિસ્તાની ચૂંટણી પર નજર રાખી રહેલા લોકો માની રહ્યા છે કે વર્ષ ૨૦૧૩માં જે રીતે જવાનોની તૈનાતી કરવામાં આવી હતી તેના કરતા વધારે સંખ્યામાં જવાનો ગોઠવવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનમાં વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આ વખતે ત્રણ ગણા વધારે જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. સરકારના લોકો દાવો કરી રહ્યા છે કે નવાઝ શરીફના શાસનમાં ૨૭૧ ટકા ઓછી ત્રાસવાદી ઘટના બની હતી. આંકડા દર્શાવે છે કે ૨૦૧૩માં ૧૭૧૭ ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા હતા. જેમાં વર્ષ ૨૦૧૧ની તુલનામાં નવ ટકા વધારે લોકોના મોત થયા હતા. જાણકાર લોકો એમ પણ કહે છે કે ત્રાસવાદીઓને સેના અને કોર્ટનુ સમર્થન મળેલુ છે.આ વખતે ઈમરાનની પાર્ટી પર તમામની નજર છે.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

છેલ્લાં ચાર વર્ષોમાં ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડા પ્રધાને આફ્રિકાના દેશોની ૨૩ યાત્રાઓ કરી છે.આ વર્ષે ફેબ્રુઆરી સુધી ભારતની આયાત-નિકાસ બૅંક્રે આફ્રિકાના ચાલીસ દેશોમાં ચાલી રહેલા પ્રોજેક્ટો માટે ૧૬૭ વખત ઋણ મંજૂર કર્યું છે. આ રકમ દસ અબજ ડૉલર સુધીની છે.ભારતીય અધિકારીઓને આશા છે કે તેઓ આફ્રિકા અને ભારત વચ્ચે વર્ષના ૫૨ અબજ ડૉલરના વેપારને આવતા પાંચ વર્ષો સુધી ઓછામાં ઓછો ત્રણ ગણો કરી દેશે.આ હેતુસર ભારતે આ મહિને આફ્રિકાના દેશોમાં પોતાના દૂતાવાસની સંખ્યા ૨૯ થી વધારીને ૨૦૨૧ સુધી ૪૭ કરવાનો નિર્ણય લીધો છે.એટલે કે આવતા ચાર વર્ષોમાં ૧૮ નવાં મિશન સ્થાપિત કરવામાં આવશે.પોતાની વિદેશ યાત્રાઓ માટે જાણીતા વડા પ્રધાન મોદીએ ચાર વર્ષનાં કાર્યકાળમાં અત્યાર સુધી કુલ ૮૭ દેશોની યાત્રાઓ કરી છે, છતાં હજી સુધી તેઓ માત્ર સાત જ આફ્રિકાનાં દેશોમાં ગયા છે.વડા પ્રધાન મોદી પાસે ભારતની આફ્રિકા માટેની વિદેશ નીતિને પરંપરાગત પૂર્વી તટથી આગળ લઈ જવાની આ ઉત્તમ તક હશે.મોદીની રવાન્ડા અને યુગાન્ડાની મુલાકાત દર્શાવે છે કે ભારત હવે સમગ્ર આફ્રિકામાં પોતાનો પ્રભાવ વધારવા માંગે છે.રવાન્ડાના રાષ્ટ્રપતિ પૉલ કગામે હાલમાં બે વખત ભારતની મુલાકાતે આવી ચૂક્યા છે.તેઓ જાન્યુઆરી ૨૦૧૭માં વાઈબ્રન્ટ ગુજરાતના સંમેલનમાં ભાગ લેવા આવ્યા હતા.આ વર્ષે માર્ચમાં આંતરરાષ્ટ્રીય સોલ અલાયન્સમાં ભાગ લેવા માટે ભારત આવ્યા હતા.આનાથી પણ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ વર્ષે જાન્યુઆરીમાં રવાન્ડાને ૫૫ આફ્રિકાના દેશોના યૂનિયનના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.ભારત રવાન્ડાને દવાઓ, દ્વિ-ચક્રીય વાહન, પ્લાસ્ટિક ઉત્પાદન અને મશીનરીની નિકાસ કરે છે. બન્ને દેશો વચ્ચે પાંચ કરોડ ડૉલરનો વેપાર થાય છે.મંગળવારે વડા પ્રધાન મોદી યુગાન્ડા માટે રવાના થશે. રવાન્ડાને ભારત પાસેથી ચાલીસ કરોડ ડૉલર સુધીનું ઋણ લેવાની સગવડ ઉપલબ્ધ છે.આ ઉપરાંત રવાન્ડાના વિદ્યાર્થીઓ પ્રશિક્ષણ કાર્યક્રમો અને શિષ્યવૃતિનો લાભ પણ મેળવી શકે છે.રવાન્ડા અને ભારતના સામાજિક સંબંધો મજબૂત છે.બન્ને દેશોના સંબંધોમાં ઈદી અમીનના શાસનકાળની કડવી યાદો પણ સામેલ છે.જ્યારે ૬૦ હજાર ભારતીયોને ભારત પરત મોકલી દેવામાં આવ્યા હતા.૨૧ વર્ષ બાદ કોઈ ભારતીય વડા પ્રધાન યુગાન્ડા જઈ રહ્યા છે. બન્ને દેશો વચ્ચે વિકાસ અને સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધવાની આશા છે.ભારત યુગાન્ડાને વીજળીના તારો નાખવા માટે ૧૬.૪ કરોડ ડૉલર અને દૂધ ઉત્પાદન તેમજ ખેતી માટે ૬.૪ કરોડ ડૉલરનું ઋણ પણ આપશે.યુગાન્ડા, ભારતને ચા અને લાકડાનાં ઉત્પાદનો વેચે છે જ્યારે ભારત યુગાન્ડાને દવાઓ, સાયકલ, દ્વિ-ચક્રીય વાહન, ખેતીનાં મશીનો અને રમતનાં ઉત્પાદનોની નિકાસ કરે છે.યુગાન્ડા પોતાની ત્રીસ ટકા જેટલી દવાઓ ભારત પાસેથી મંગાવે છે. ભારતને ચીનની ભારે આર્થિક શક્તિ સામે સ્પર્ધા કરવાને બદલે પોતાની તાકાત ઓળખી એ ક્ષેત્રોમાં આગળ વધવું જોઈએ કે જેમાં તેને મહારત પ્રાપ્ત છે.અહીંયા અમેરિકાની હાજરી ઘટી રહી છે એવામાં ભારત અને ચીન પાસે પરસ્પર સહયોગ વડે સંયુક્ત હેતુ સાધવા સાથે મળી આગળ વધવાની તક છે.

# કૌન બનેગા કરોડપતિએ સ્થિતિ સ્થાપકતાની ભાવનાને સલામ કરે છે #KabTakRokoge



રાષ્ટ્રીય, ૨૩ જુલાઈ, ૨૦૧૮

કૌન બનેગા કરોડપતિ (કેબીસી) જ્ઞાનની શક્તિ વિશે છે. જ્ઞાન કે જે સામાન્ય પુરુષ અને મહિલાનેઅસુરક્ષિત અવરોધો હોવા છતાં પણ તેઓ જેમાટે કામના ધરાવે છે તે હાંસલ કરવા માટે સશક્ત કરે છે. તેના૧૦માં સિઝનમાં, કેબીસી તેના આઈકોનિક યજમાન શ્રી અમિતાભ બચ્ચન દરેક સંઘર્ષ પાછળ શાશ્વત ભાવનાની પ્રશંસા કરશે. સ્થિતિસ્થાપકતાનીભાવનાને ઉજવણી કરતા, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન, આ વર્ષે કેબીસી અભિયાન માટે થીમ - કબ તક રોકોગે ને અનાવરણ કરવામાં ગર્વ અનુભવે છે.

નીતેશ તિવારી અને નિખિલ મેહરોત્રા દ્વારા કલ્પના અને લખવામાં આવેલ, અભિયાન સુંદર મનોવૃત્તિસાથે ત્રણ સબંધિતકથાઓ હાઈલાઈટ કરે છે. આપણે વારંવાર જીવનમાં પરિસ્થિતિઓનો સામનો કરીએ છીએ જે આપણા લક્ષ્યાંકોને હાંસલ કરવાથી રોકવા તરફ દોરે છે. મોટે ભાગે, આપણે એવા લોકોનો સામનો કરીએ છીએ જે આપણા પ્રયત્નોને નાબૂદ કરે છે અને આપણી પ્રગતિને અવરોધે છે. જ્યારે અવરોધો અમારી વિરુદ્ધ હોય ત્યારે, કોઈમાત્રતેની સામે ઉભા રહે અને પૂછો... ઈકબ તકરોકોગે?ફિલ્મ નિર્માણના તેમના અનન્ય બ્રાન્ડ માટે જાણીતા, આ પ્રેરણાદાયી ફિલ્મોનું નિર્દેશન નીતેશ તિવારી અને અશ્વિની ઐયર તિવારી દ્વારા કરવામાં આવ્યું છે.

આ વર્ષના કેબીસી અભિયાનનો પહેલો લૂક અહીં જુઓ - #KabTakRokoge

# 3M ઈન્ડિયા દ્વારા '3M-સીઆઈઆઈ યંગ ઈનોવેટર્સ ચેલેન્જ એવોર્ડઝ ૨૦૧૮'ની યંગ ઈનોવેટર્સની ઉજવણી

બેંગલોર, ૨૩ જુલાઈ ૨૦૧૮: 3M-સીઆઈઆઈ યંગ ઈનોવેટર્સ ચેલેન્જ એવોર્ડઝે બેંગલોર ખાતે યોજાયેલી ચૌદમી સીઆઈઆઈ ઈનોવેશન સંમીટ ખાતે વિજેતાની પાંચમી આવૃત્તિની જાહેરાત કરી હતી. ભારતભરમાથી ૩ વિશાળ કેટેગરીઓ- ટેકનોલોજી, રુરલ અને સોશિયલ ઈનોવેશન માટે આવેલી ૫૦૦થી વધુ એન્ટ્રીઓ સાથે ચાલુ વર્ષે આ પ્લેટફોર્મની લોકપ્રિયતા વધી હતી. ગ્રામિણ વિકાસની અગત્યતાને ઓળખી કાઢતા ચાલુ વર્ષની એવોર્ડ પ્રક્રિયા ગ્રામિણ ઈનોવેશનને એક કેટગરી તરીકે ટાર્ગેટ કરવાની સાથે વધુ સમાવેશી હતી.

એસબીઆઈ યૂથ ફોર ઈન્ડિયા ફેલો માટે અનુશ્રી તિવારીએ રુરલ ઈનોવેશન હેઠળ પ્રથમ સ્થાન જીત્યુ હતું. તેણીએ દક્ષિણ ગુજરાતમા ખોખરા ઉમર ગામમાં પંચાયત શિક્ષણ કેન્દ્ર પર પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો, જે ગામડાના બાળકોના શિક્ષણ આપવાનો સમુદાય આધારિત પ્રયત્ન છે. બાળકના શિક્ષણ અને પ્રગતિ સાથે પાલકની રુચિ અને જોડાણની ખાતરી કરવા માટે શૈક્ષણિક કેન્દ્રના ટકાઉ મોડેલની સ્થાપના દ્વારા જરૂરી પગલાંઓ લેવા માટે પંચાયતને સક્ષમ બનાવીને સ્કુલ કક્ષાએ જે શૈક્ષણિક ખામી છે તેનો ઉકેલ લાવવાનો આ પ્રયત્ન છે. દશ મહિનાથી વધુના સમયમાં અનુશ્રી નવ ગ્રામિણ સ્નાતકે ટીચર્સ તરીકે રાખીને અને છ પંચાયતોમાં ૬૦ બાળકોને રાખીને છ કેન્દ્રો સ્થાપવામાં સફળ થઈ હતી.

ચાલુ વર્ષે નવી જ ઉમેરવામાં આવેલી કેટેગરી – "રુરલ ઈનોવેશન્સ એવોર્ડ"માં પછાત સમુદાયો અને નિર્જન ગ્રામિણ વિસ્તારોના ઈનોવેટર્સ સુધી સામાજિક, આર્થિક અને શારીરિક પડકારો કે જેનો ભારત સામનો કરી રહ્યું છે તે તકોને લંબાવવાની ઈચ્છા સેવવામાં આવી છે. આ અંગે સંસ્થાઓ અને વ્યક્તિઓ કે જેને નિર્જન ગ્રામિણ વિસ્તારોમાં કામ કરવાનો અનુભવ છે અને જેઓ યુવાન સમુદાયો સાથે સંકળાયેલી છે તેમની પાસે નોમિનેશન આવ્યા હતા જેથી ગ્રામિણ વિકાસ તરફ કામ કરતા દ્રષ્ટાંતરૂપ ઈનોવેટર્સને આગળ લાવી શકાય.

ઈનોવેશન 3Mના DNAના મૂળમાં છે, અને ૨૦૧૪માં તેણે સમુદાય પર અસર કરતા ઈનોવેટિવ આઈડીયાને ઓળખી કાઢવા માટે એક ફોરમની રચના કરવા માટે કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ) સાથે મળીને ૨૦૧૪માં યંગ ઈનોવેટર્સ ચેલેન્જનો પ્રારંભ કર્યો હતો. આ એવોર્ડ યુવાન ઈનોવેટર્સને સમાન તક પૂરી પાડે છે – જેમાં નીચલા સ્તરના ઈનોવેટર્સથી લઈને પ્રિમીયર સ્કુલ સુધીનાનો સમાવેશ થાય છે.

3M ઈન્ડિયા દ્વારા પા પાડવામાં આવેલા ટેકાના ભાગરૂપે વિજેતાઓને આરએન્ડડી, વ્યાપારીકરણ વગેરે જેવા વિસ્તારોમાં ટેકો અને મેન્ટરશીપ આપવામાં આવે છે તેમજ ૩૬ ઈન્ડિયા જેની વૈશ્વિક ભાગીદાર છે તેવા નોબેલ પ્રાઈઝ સિરીઝના નેજા હેઠળ ભારતની મુલાકાત લેતા નોબેલ વૈજ્ઞાનિકોને મળવાની એક તક પણ પૂરી પાડે છે.

# નિસાન તેની 'હેપી વીથ નિસાન' સર્વિસ કેમ્પની ૯મી આવૃતિ પર આકર્ષક ઓફર જાહેર કરે છે




નિસાન આજે, 'હેપી વિથ નિસાન' સર્વિસ કેમ્પની ૯મી આવૃતિની રજૂઆત કરે છે. 'હેપી વિથ નિસાન' દરમ્યાન ૨૪-૩૧ જુલાઈ, ૨૦૧૮ દરમ્યાન, ગ્રાહકો આકર્ષક ડિસ્કાઉન્ટ અને ખાસ ઓફરોનો લાભ નિસાન અને ડટશનના ભારતભરના દરેક આઉટલેટ પરથી લાભ મેળવી શકશે.

આ પ્રસંગે વાત કરતાં, સંજીવ અગ્રવાલ, વાઈસ પ્રેસીડેન્ટ - આફ્ટર સેલ્સ, નિસાન મોટર ઈન્ડિયા પ્રા. લીમીટેડ જણાવે છે કે "અમે મજુબાતાઈથી માનીયે છે કે ગ્રાહકોને વેચાણ અને વેચાણ પછીની સેવાઓ મળી રહે તે ખુબ જ મહત્વનું છે. 'હેપી વિથ નિસાન' એ ગ્રાહકો સુધી પહોંચવાની પહેલ છે જે અમને અમારા ગ્રાહકો સુધી પહોંચવામાં મદદ કરે છે. અમે આ પહેલા દ્વારા આટલા વર્ષોમાં ૧.૫ લાખથી વધુ ગ્રાહકોને સેવાઓ પુરી પાડી છે. અને, અમે 'હેપી વિથ નિસાન'ની ૯મી આવૃતિ દરમ્યાન નિસાન અને ડટશનના ગ્રાહકોને વેચાણ બાદની સેવાઓ આપીને આનંદ અનુભવીયે છે."

તેના ગ્રાહકોની સુરક્ષા અને સુવિધા માટે પ્રતિબદ્ધ, નિસાન સેફ્ટી-સર્ટીફાઈડ ચાઈલ્ડ સીટની પણ રજૂઆત કરી છે. સાઈડ-ઈમ્પેક્ટ પ્રોટેક્શન, ૩-પોઝીશન રેક્લાઈન, અને ૫-પોઈન્ટ સેફ્ટી હોર્નેસ્ટો દ્વારા વધારાની સુરક્ષા મળે છે, ચાઈલ્ડ સીટને રેટ્રો-ફીટ તરીકે અલગ એસેસરીઝ તરીકે દરેક નિસાન અને ડટશન મોડલમાં ફીટ કરી શકાય છે. નિસાન અને ડટશન ગ્રાહકો 'હેપી વિથ નિસાન' અઠવાડિયા દરમ્યાન ચાઈલ્ડ સીટ પર ૧૦ ટકા સુધીની છુટ પણ મેળવી શકે છે.

એક અઠવાડિયા સુધી ચાલનાર લાંબા સર્વીસ કેમ્પમાં ૬૦ પોઈન્ટ ફ્રી વ્હિકલ ચેક-અપ, ફ્રી ટોપ વોશ તથા એસેસરીઝ પર આકર્ષક ડિસ્કાઉન્ટ, ૨૦ ટકા સુધીની મજૂરી ચાર્જ પર છુટ અને ગ્રાહકો માટે નિશ્ચિત ભેટનો સમાવેશ થાય છે. વધુમાં, તેમાં ગ્રાહક કેન્દ્રિત કોમ્યુનિકેશન પુરા પાડશે જે નિસાન અને ડટશનના પ્રામાણિત સર્વિસ સેન્ટર્સના ફાયદા તથા નિસાનના સાચા સ્પેર પાર્ટ્સ, ઓઈલ્સ અને એસેસરીઝના ઉપયોગની માહિતી આપશે. ૨૦૧૪માં આ પહેલની શરૂઆતથી જ, નિસાને સફળતાપુર્વક ૧૦૦૦૦૦ ગ્રાહકોને આ પહેલ દ્વારા સર્વિસ પુરી પાડી છે.

'હેપી વિથ નિસાન' કેમ્પેઈન એ આટલા વર્ષોથી ચાલતી આ પહેલની સફળતાનું પ્રતિક છે. તાજેતરના J.D Power 2017 India Customer Service Index (CSI) Study, અનુસાર નિસાન અને ડટશન ભારતની ટોચની ૬ ગ્રાહક સંતુષ્ટીની દષ્ટીએ સારી કંપનીઓમાં ક્રમાંકિત થઈ છે .

# સોની મેક્સ પ્રસ્તુત કરી રહ્યું છે – 'સાઉથ કે સુપરસ્ટાર્સ', તમારા ટેલિવિઝન સ્ક્રીન પર




૨૭ જુલાઈ સુધી માત્ર સોની મેક્સ પર 'બોક્સ ઓફિસ' મૂવી ફેસ્ટિવલ પર દર્શાવી શકાશે.

જુલાઈ, ૨૦૧૮ : ના તો તેમના પહેરવેશ અનોખા હોય છે ના તો તેમનામાં સુપર પાવર્સ હોય છે, તો પણ તેમના પ્રશંસક તેમને સુપરહીરો માને છે. સાચો અનુમાન લગાયો તમે— અમે સાઉથની ડબ મૂવિઝના સુપરહીરોની વાત કરી રહ્યા છીએ. જલ્દી જ આ સુપરહીરોજ તમારા ટેલિવિઝન સ્ક્રીન પર પોતાના જલ્વા દર્શાવવા આવી રહ્યાં છે. ઈન્ડિયાની નંબર ૧ મૂવી ચેનલ સોની મેક્સ સાઉથની ડબ ફિલ્મમાં એક સપ્તાહ ચાલવાવાળા ફેસ્ટિવલ બતાવા જઈ રહ્યું છે. તેમાં અલગ અલગ ઢંગની ડબ ફિલ્મો સામેલ કરવામાં આવી છે જેમ કે રોમેન્ટિક, એક્શન પ્રધાન, ક્રાઈમ અથવા થ્રિલર. એક સપ્તાહ ચાલવાવાળા આ ફેસ્ટિવલ ૨૩થી

તમને સપ્તાહ દરમિયાન મનોરંજનની ગેરંટી આપવાવાળા આ ફેસ્ટિવલમાં ચેનલ સપ્તાહ દરમિયાન પ્રાઈમ ટાઈમમાં રાતે સાઉથની એક ડબ ફિલ્મ બતાવશે. તેમાં સાઉથની પસંદગીવાળી ફિલ્મો સામેલ કરી છે જેમ કે : ૨૩ જૂલાઈ રાત્રે ૯ કલાકે મંચૂ વિષ્ણુની એક્શન થ્રિલર 'ડાયનામાઈટ', ૨૪ જૂલાઈ રાત્રે ૯ કલાકે અલ્લુ અર્જુનની રોમેન્ટિક 'સન ઓફ સત્યમૂર્તિ', ૨૫ જૂલાઈ રાત્રે ૯ કલાકે એક્શનથી ભરપૂર 'જનતા ગેરેજ', ૨૬ જૂલાઈ રાત્રે ૯ કલાકે એડવેન્ચર ફિલ્મ 'કાશમોરા ૨' અને ૨૭ જૂલાઈ રાત્રે ૮ કલાકે રહસ્યમય કારની કહાની 'કંચના ધ વંડર કાર'

થેલો ભરીને પોપકોર્ન તૈયાર રાખો અને બેસી જાવ ટેલિવિઝન સ્ક્રીનની સામે ૨૩થી ૨૭ જૂલાઈ સુધી, માત્ર સોની મેક્સ પર

# ઝી ક્લાસિક પ્રસારિત કરે છે, મનિરત્નમની ક્લાસિક ગણાતી 'રોજા' શુક્રવાર, ૨૭મી જુલાઈ, રાત્રે ૧૦વાગ્યે




ત્રણ વખત રાષ્ટ્રિય એવોર્ડ વિજેતા, રોજા એ એક એવી ફિલ્મ છે, જેને તેની રસપ્રદ કથા અને ઉત્કૃષ્ટ પાત્રોને લીધે ફક્ત રાષ્ટ્રિય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રિય સ્તરે પણ પ્રસિદ્ધી મેળવી છે. આ મૂવીએ વર્ષ ૧૯૯૩માં ૧૮માંમોસ્કો ઈન્ટરનેશનસ ફિલ્મ ફેસ્ટિવલ માટે આગળ જ વધી હતી એટલું જ નહીં પરંતુ બેસ્ટ ફિલ્મ માટે તેને નામાંકન પણ મળ્યું હતું. મની રત્નમ દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી રોજામાં અરવિંદ સ્વામી અને મધૂ મુખ્ય પાત્રમાં છે સાથોસાથ નસ્સાર અને પંકજ કપુર પણ અગ્રણી ભૂમિકામાં છે. રોજાએ પ્રથમ બોલિવૂડ મૂવી હતી જેને બોલિવૂડમાં ડિઝીટલી કમ્પોઝ્ડ મૂવીને રજૂ કર્યું હતું અને તેના દ્વારા સંગીતની પ્રતિભા એ. આર. રહેમાનએ પણ મ્યુઝિક ડિરેક્ટર તરીકે પ્રવેશ કર્યો હતો. ઝી ક્લાસિક, તેની પ્રસ્તાવના વો ઝમાના કરે દિવાના હેઠળ આ મૂવી શુક્રવાર, ૨૭મી જુલાઈ, રાત્રે ૧૦ વાગ્યે પ્રસારિત કરશે.

રોજા એ એક ૧૮ વર્ષની છોકરી રોજાની પ્રેમકથા છે, જે તામિલનાડુના એક નાનકડા ગામડાંની છે અને તેના પતિ રિષીનું કાશ્મીરમાં લિયાકત નામના માણસ દ્વારા ચાલતા આતંકવાદી જૂથ અપહરણ થઈ જાય છે અને તેને કેદ કરવામાં આવે છે. તેના પતિને બચાવવાના મુશ્કેલ કાર્ય માટે રોજા પિલરથી લઈને પોસ્ટ સુધી દરેક અધિકારીઓ અને લશ્કરની સહાયતા માટે પણ દોડે છે, પરંતુ તેના બધા જ પ્રયત્ન વ્યર્થ જાય છે. રોજા, તેના પતિને શોધવાના પ્રયત્ન ચાલુ રાખે છે, પરંતુ ભાષાના અવરોધને લીધે તે અધિકારીઓ સાથે વાત કરી શકતી નથી. ઘણા પ્રયત્ન અને સમજાવટ પછી, ભારત સરકાર તેમાં વચ્ચે પડે છે, પરંતુ તેનું હસ્તક્ષેપ પરિસ્થિતિને વધુ બગાડે છે. બીજી તરફ રિષીની દેશભક્તિ દર્શાવીને આતંકવાદીઓના કેમ્પમાં લડત આપે છે અને તે તેમનાથી છૂટવાનું નક્કી કરે છે.

તેના પતિને છોડવવા માટે રોજા કઈ હદ સુધી જશે? શું આ જોડી ફરીથી એક થશે કે પછી આતંકવાદીઓની ચાલાક યોજનાનો ભોગ બની જશે?

જાણવા માટે જોતા રહો, રોજા, ઝી ક્લાસિક પર આ શુક્રવાર, ૨૭મી જુલાઈ, રાત્રે ૧૦ વાગ્યે.

# ઓનરે લોન્ચ કર્યું ઉત્કૃષ્ઠ સુંદર ઓનર ૯એન- એ નોચ અબોવ ધી રેસ્ટ




૯એન ચાર સુદર અને અનોખા કલર વેરિઅન્ટ્સ - લવન્ડર પર્પલ, શેફાયર બ્લૂ, મીડનાઈટ બ્લેક અને રોબીન એગ બ્લૂમાં ઉપલબ્ધ બનશે. તે ૩૧મી જુલાઈના રોજ બપોરે ૧૨ વાગ્યાથી

નવી દિલ્હી, ૨૪ જુલાઈ, ૨૦૧૮: હુઆવેની પેટા બ્રાન્ડ ઓનર કંપનીએ આજે તેના એક્સક્લુઝિવ બ્યુટિફુલ ઓવર ૯એન લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે અત્યંત વાજબી કિંમત અને સ્ટાઈલિશ દેખાવ ધરાવે છે. ઓવર ૯એનના લોન્ચ સાથે ઓનર ભારતમાં પોતાના યુઝર અને ચાહકોને ફુલ વ્યૂ નોચ ડિસ્પ્લેનો વિશિષ્ટ અનુભવ પ્રદાન કરવાનો ઉદ્દેશ ધરાવે છે.

ઓનર ૯એન ૩ જીબી રેમ અને ૩૨ જીબી રોમ સાથે રૂ. ૧૧,૯૯૯ તથા ૪ જીબી રેમ અને ૬૪ જીબી રોમ સાથે રૂ. ૧૩,૯૯૯ તેમજ ૪ જીબી રેમ અને ૧૨૮ જીબી રોમ સાથે રૂ. ૧૭,૯૯૯માં ઉપલબ્ધ બનશે. ઓનર ૯એન ૧૨ લેયર ગ્લાસ કોટિંગથી નિર્મિત છે તથા સ્માર્ટફોનમે સ્મૂધ, મિરર જેની શ્રેષ્ઠ ફિનિશ પ્રદાન કરે છે તેમજ ગ્લોસી અને પ્રિમીયમ લૂક આપે છે. ઓનર ઈકોમર્સ પ્લેટફોર્મ ફ્લિપકાર્ટ ઉપર એક્સક્લુઝિવ વેચાણ માટે ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત ઓનરની સત્તાવાર સ્ટોર hihonro.com/in ઉપરથી પણ ખરીદી કરી શકાશે.

આ લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતાં હુઆવે ઈન્ડિયા-કન્ઝ્યુમર બિઝનેસ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ પી સંજીવે જણાવ્યું હતું કે, ઓનર ખાતે અમે ભારતીય ગ્રાહકોને વાજબી કિંમતે બેસ્ટ ઈન ક્લાસ ટેક્નોલોજી અને અનોખો ડિઝાઈન એક્સપિરિયન્સ પ્રદાન કરવા ઉપર કેન્દ્રિત છીએ. આજે અમે વધુ એક સારી પ્રોડક્ટ ઓનર ૯એન લોન્ચ કરતાં ઉત્સાહિત છીએ કે જે ચોક્કસપણે ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં બ્યુટીને પુનઃવ્યાખ્યાયિત કરશે. અમને આશા છે કે યુવા ગ્રાહકો ઓનર ૯એનની વિશેષતાઓની પ્રશંસા કરશે તેમજ ભારતમાં તેની સફળતામાં યોગદાન આપશે.

## હોમ પ્રોડક્શનની ફિલ્મમાં કામ કરવા તૈયાર

# ધડક બાદ જહાનવી કપુર હવે પિતાની ફિલ્મમાં હશે

### અન્ય કલાકારોના નામની ટુંક સમયમાં જ જાહેરાત કરાશે



એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૨૪

થોડાક સમય પહેલા મૃત્યુ પામેલી સ્ટાર અભિનેત્રી શ્રીદેવીની પુત્રી જહાનવી આખરે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકી છે અને તેની પ્રથમ ફિલ્મ ધડક રજૂ પણ કરવામાં આવી ચુકી છે. આ ફિલ્મમાં તેની ભૂમિકાની ચારેબાજુ પ્રશંસા કરવામાં આવી રહી છે. ફિલ્મને અપેક્ષા મુજબનો પ્રતિસાદ મળી રહ્યો નથી પરંતુ જહાનવીની એક્ટિંગની પ્રશંસા થઈ રહી છે. ફિલ્મમાં તેની સાથે ઈશાન ખટ્ટરની મુખ્ય ભૂમિકા છે. તેની પ્રથમ ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ જહાનવી હવે બીજી ફિલ્મો સ્વીકારી રહી છે. પ્રાપ્ત હેવાલ મુજબ તેની બીજી ફિલ્મ પિતા બોની કપુરની હોઈ શકે છે. બોની કપુર હવે જહાનવીને લઈને ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. બોની કપુરના નજીકના લોકોએ કહ્યુ છે કે ફિલ્મ નિર્માણ માટેની તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. ફિલ્મમાં જહાનવીની ભૂમિકા અલગ પ્રકારની રહેશે. ધડક કરતા ફિલ્મ અલગ પ્રકારની રહેશે. ફિલ્મમાં તેના રોલને વધારે ગ્લેમર અંદાજમાં રજૂ કરવામાં આવી શકે છે. બોની કપુર નવી ફિલ્મ પર પાણીની જેમ પૈસા ખર્ચ કરનાર છે.જેથી તમામ લોકો કહી રહ્યા છે કે આ ફિલ્મ એટલી જ શાનદાર હોઈ શકે છે જેટલી મિસ્ટર ઈન્ડિયાને બનાવવમાં આવી હતી. ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. જાહનવીની માતા શ્રીદેવીને બોલિવુડમાં શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે ગણવામાં આવે છે ત્યારે શ્રીદેવી અને પુત્રી જહાનવી વચ્ચે તુલના કરવામાં આવે તે સ્વાભાવિક છે.

જહાનવી પોતે એક્ટિંગ કુશળતાને લઈને ગંભીર બનેલી છે. ફિલ્મને લઈને પ્રાથમિક તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. હોમ પ્રોડક્શનની ફિલ્મમાં અન્ય કલાકારો પણ ઘરમાંથી હોઈ શકે છે. જેમાં અનિલ કપુર અને અર્જુન કપુરનો સમાવેશ થાય છે. જો કે હજુ સુધી કોઈ ખાસ બાબત જાહેર કરવામાં આવી નથી.

# રિતિક રોશન- કંગના વચ્ચે બોક્સ ઓફિસ ઉપર સ્પર્ધા

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૨૪

બોલિવુડની ક્વીન ગણાતી કંગના રાણાવત અને સ્ટાર અભિનેતા પૈકી એક રિતિક રોશન વચ્ચે ખેંચતાણને લઈને તમામ લોકો વાકેફ છે. બંને આ વખતે બોક્સ ઓફિસ પર આમને સામને આવનાર છે. મળેલી માહિતી મુજબ કંગના રાણાવતની ફિલ્મ મણિકર્ણિકા ધ ક્વીન ઓફ ઝાંસી અને રિતિક રોશનની ફિલ્મ સુપર ૩૦ બંને એક દિવસે રજૂ કરવામાં આવનાર છે. બંનેની ફિલ્મો ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બંને વચ્ચે તમામ બાબતો શરૂઆતથી પણ સારી રહી નથી. કોઈ સમય બંને એકબીજાના પ્રેમમાં રહ્યા હતા. જો કે ત્યારબાદ તેમની વચ્ચે ખેંચતાણની શરૂઆત થઈ હતી. બંને વચ્ચે લડાઈની શરૂઆત એ વખતે થઈ હતી ત્યારે કંગનાએ મીડિયાની સામે સિલી એક્સ કહીને રિતિક અને તેની વચ્ચે રિલેશન હોવાની વાત કરી હતી. તેમની વચ્ચે વિવાદ એટલી હદ સુધી વધી ગયો હતો કે મામલો કોર્ટમાં અને પોલીસમાં પહોંચ્યો હતો. હવે બંને ફિલ્મો પ્રજાસત્તાક દિવસે રજૂ કરવામાં આવનાર છે. મણિકર્ણિકા ફિલ્મના નિર્માતા કમલ જૈને ફિલ્મની રજૂઆતની તારીખ જાહેરા કરી દીધી છે. આ ફિલ્મ ઝાંસીની રાની સાહસી લક્ષ્મીબાઈની લાઈફ પર આધારિત છે. બીજી બાજુ રિતિક રોશનની ફિલ્મ સુપર ૩૦ ગણિતશાસ્ત્રી આનદ કુમારના રોલમાં છે. તેમની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં રિતિક રોશનને મુખ્ય શાનદાર ભૂમિકા આપવામાં આવી છે.

# બોલિવુડ ફિલ્મોમાં હજુ ઘણા ફેરફારની જરૂર છે જ : ટિસ્કા

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૨૪

૧૯૯૩માં પ્લેટફોર્મ મારફતે પોતાની બોલિવુડ કેરિયર શરૂ કરનાર ટિસ્કા ચોપડાએ કહ્યુ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડમાં ફેરફાર થયા છે. મહિલાઓની લાઈફ પણ ખુબ બદલાઈ ગઈ છે. જો કે તે માને છે કે હજુ પણ કેટલાક ફેરફાર જરૂરી છે. ટિસ્કાનુ કહેવુ છે કે ફિલ્મમોમાં સકારાત્મક ફેરફાર લાવવા માટે મહિલાઓને પોતે આગળ આવવાની જરૂર છે. મહિલાઓને લેખન, નિર્માણ અને નિર્દેશનના ક્ષેત્રમાં કુદી જવાની જરૂર છે. ટિસ્કા સુપરહિટ ફિલ્મ તારે જમીન પર મારફતે ચાહકોમાં લોકપ્રિય થઈ હતી. આ ફિલ્મમાં તે શાનદાર ભૂમિકા અદા કરી ગઈ હતી. ટિસ્કાએ કહ્યુ છે કે ચીજો બદલાઈ રહી છે. પરંતુ હજુ કેટલીક ચીજોને બદલી દેવાની જરૂર છે. ફેરફારની ગતિમાં તેજી લાવવાની જરૂર છે.આના માટે મહિલાઓને નિર્માણ તથા નિર્દેશનના ક્ષેત્રમાં આગળ આવવુ પડશે. તેનુ કહેવુ છે કે મહિલાઓ બાળકો પેદા કરી શકે છે તો ફિલ્મ નિર્માણ પણ કરી શકે છે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# તિરુપતિ બાલાજીના રહસ્યો અને રોચક ઈતિહાસ

દુનિયા ધનિક્તમ મંદિરોમાં જેનો સમાવેશ થાય છે તે મંદિર એટલે આંધ્રપદેશના ચિત્તૂર જીલ્લામાં આવેલ ભગવાન વેંકટેશ્વરનું બાલાજી મંદિર!અહિં બિરાજતા ભગવાન વિષ્ણુના દર્શન કરવાની ઈચ્છા તો હરેક ભક્તને હોય છે. અને માટે જ તો અહિં કાયમ અગણિત ભાવિકો આવે છે. જેની ગણતરી હજારોમાં નહિ, લાખોમાં થાય છે!વિશ્વાસ ન હોય તો એક વાર દર્શન કરવા જજો, લાગેલી લાઈનો જોઈને જ આભા બની જશો ભગવાન વિષ્ણુ ચ વેંકટેશ્વર નું આ વેંકટેશ્વર મંદિર અથવા બાલાજી મંદિર આંધ્રપ્રદેશના ચિત્તૂર જીલ્લાના તિરુપતિમાં આવેલ છે. અત્યંત રમણીય એવી સપ્તગીરીની પહાડીઓ પર આવેલ આ મંદિર પર જવાનો માર્ગ પહાડોની અનુપમ રમણીયતાથી લદાયેલો છે. તિરુમલાની ચારેબાજુ સાત પહાડોની હારમાળા વિંટાયેલ છે. જેની શેષનાગની સાત ફેણ સાથે સરખામણી થાય છે. આ પહાડીઓની હારમાળા સપ્તગીરી તરીકે ઓળખાય છે. આમાંના એક વેંકટાદ્રી પહાડ પર ભગવાન બાલાજી અર્થાત્ વેંકટેશ્વર બિરાજમાન છે. કહેવાય છે કે,વેંકટાદ્રિ પહાડીના સ્વામી હોવાને લીધે જ ભગવાન વિષ્ણુ વેંકટેશ્વર નામે અહિં બિરાજમાન છે.આ મંદિર દક્ષિણ ભારતીય શિલ્પકલા અને વાસ્તુકલાનો અદ્ભુત સંગમ છે. એની અનુપમ કોતરણીઓ અને અપ્રતિમ છણાવટ જોઈને કલાનો રસિક માણસ પણ અભિભૂત થયાં વિના ના રહી શકે!ચોલ, હોયસલ અને વિજયનગર સામ્રાજયના રાજાઓનું આ મંદિરના નિર્માણમાં અને તેની ચમક વધારવામાં મહત્વનું યોગદાન છે.પુરાણોમાં કહ્યું છે કે, કળિયુગમાં ભગવાન વિષ્ણુ સ્વયં માત્ર આ મંદિરમાં જ વિરાજમાન થશે અને અત્યારે બધાં માને છે કે આ મંદિરની મૂર્તિમાં ભગવાન વિષ્ણુ સ્વયં બિરાજે છે. અને આ જ કારણ છે અહિં લાખો ભાવિકોના દર્શન કાજે આવવાની! પ્રત્યેક દિવસે ભગવાન વેંકટેશ્વરના દર્શન કાજે દોઢથી બે લાખ લોકો આવે છે! આ અધધધ આંકડો એ વખતે તો સીમાડા જ છાંડી જાય જ્યારે અહિં કોઈ ઉત્સવ હોય. જેમ કે,દરવર્ષે ઉજવાતો બ્રહ્મોત્સવ; આ ઉત્સવમાં પ્રતિદિન દસ લાખ ભાવિકો પ્રભુના દર્શન કાજે આવે છે!ભગવાન વેંકટેશ્વરના આ મંદિરની નજીક સ્વામી પુષ્કરિણી નામક એક તળાવ છે. કહેવાય છે કે, સ્વર્ગમાં આ તળાવમાં જ ભગવાન વિષ્ણુ સ્નાન કરતા!ભગવાનના વરાહ અવતાર સમયે ગરુડજીએ વૈકુંઠથી આ તળાવને અહિં સ્થાપિત કર્યું હતું. એકદમ પવિત્ર, શુધ્ધ અને કિટાણુરહિત એવું આ સરોવરનું અત્યંત પવિત્ર નીર છે. આ જળનો ઉપયોગ પ્રભુની મૂર્તિને સ્નાન કરાવવા અને મંદિરની મુખ્ય પરિસરને સાફ રાખવામાં જ થાય છે. ખાસ પ્રકારની તકેદારીથી આ જળને પવિત્ર અને સ્વચ્છ રખાય છે. દરેક ભાવિક આ જળમાં સ્નાન કર્યા બાદ જ મંદિરમાં જઈ ભગવાનના દર્શન કરી શકે. આ સ્નાનથી ભક્તના તમામ પાપ ધોવાઈ જવાનું કહેવાય છે. અને માટે જ આ સ્નાનનું અત્યંત મહત્વ છે. આમ પુષ્કરિણી સરોવર એક અત્યંત મનોહર અને સ્વચ્છ સરોવર છે, જેનું માહાત્મય અનેક ગણું છે.ભગવાન વિષ્ણુ તિરુપતિના આ મંદિરમાં વાસ કરે છે તેવું ભક્તો વિશ્વાસપૂર્વક માને છે. કહેવાય છે કે, કલિયુગમાં એકવાર ભગવાન વેંકટેશ્વરના દર્શન કર્યા બાદ જ માણસ જન્મ-મરણના ચક્રમાંથી મોક્ષ પામી શકે છે. અને એમાંયે વૈકુંઠી એકાદશીના દિવસે તો ભગવાનના દર્શનાર્થે અસંખ્ય ભાવિકો આવે છે.આ મંદિરને લઈને સૌથી વધારે ચર્ચા



થાય તો એ કદાચ તેની અખુટ ધનસંપત્તિને લીધે જ થાય! કહી શકાય કે આ મંદિરમાં પૈસાનો કોઈ તોટો જ નથી. અહિં દર્શનાર્થે ભારતના અને દુનિયાના પણ વિરાટ સંપતિ ધરાવતા ધનિકો આવે છે અને પરિણામે એમના દાનથી મંદિર પાસે અસંખ્ય સંપત્તિ ભેગી થઈ છે, આ ક્રમ આજકાલથી નહિ છેક પાછલાં મિલેનિયમ વર્ષથી ચાલ્યો આવે છે. ઘણાં જ મહારાજાઓએ મંદિરને અખૂટ સંપત્તિ દાન કરી છે. ભગવાન વિષ્ણુને શરણે અત્યંત કિંમતી ખજાનાઓ મુક્યા છે. તેને પરિણામે આજે મંદિર પાસે અત્યંત વિશાળ માત્રામાં ખજાનાના ભંડાર છે. અહિં આવતા પ્રત્યેક ભાવિકોને મંદિર તરફથી પ્રસાદ-ભોજન આપવામાં આવે છે. વળી,માનેલી માનતા પ્રમાણે અહિં આવીને લોકો પોતાના માથાના વાળ ઉતરાવે છે.કહેવાય છે કે,આકાશરાજને ત્યાં લક્ષ્મીજી સ્વયંભૂ પ્રગટ થયેલા. તેઓ પદ્મ સરોવરમાં કમળના ફુલમાંથી પ્રગટ્યા હોવાથી પદ્માવતી કહેવાયા. આકાશરાજે માત્ર તેમનું પાલન કરેલું. પછી તેમના લગ્ન ભગવાન વેંકટેશ્વર યાનિ વિષ્ણુ સાથે થયાં. અહિં પદ્માવતી મંદિર પણ આવેલ છે. આમ તો ભગવાન બાલાજીના મંદિર પરિસરમાં ઘણા જ સુંદર મંદિરો અને મંડપો આવેલા જેની રચના મનમોહક છે.અગાઉ કહ્યું તેમ બાલાજી મંદિર વેંકટાચલ અથવા વેંકટાદ્રિ નામક પર્વત પર આવેલ છે. આ પર્વત પર ચડવાનો માર્ગ તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ તરીકે ઓળખાય છે. આ મંદિરમાં નાત-જાતની કોઈ વાડાબંધી છે જ નહિ. અહિં કોઈ પણ ભગવાનના દર્શન કરી શકે. પછી તે ગમે તે વર્ણનો હોય કે ગમે તે જાત-નાતનો હોય. અહિં કોઈનું ગોત્ર કે કુળ જોવાતું નથી. અહિં ગરીબ પણ આવે અને તવંગર પણ આવે. આખરે સૌ છે તો એના જ સંતાન ને!જગતનાથ કદી ક્યાં ભેદભાવ રાખે છે કોઈ હારે! એતો જીવણ ભગતને અને નરસિંહ-મીરાંને સમાન જ ગણે છે ને! અહિં આજુબાજુ થોડાં કિલોમીટરના વ્યાસમાં ઘણા મંદિર આવેલા છે. જેમના દર્શન કરવાનો મહિમા છે. નીચે કપિલતીર્થ નામક સરોવરમાં પ્રથમ સ્નાન કરવાનો મહિમા છે. બાદમાં આ સરોવરને તીરે આવેલ ભગવાન કપિલેશ્વરના દર્શન કરવા જોઈએ. ભગવાન નૃસિંહનું એક મંદિર પણ આવેલ છે. ભક્તિ આંદોલનના મહાનત્તમ પ્રણેતા એવા રામાનુજાચાર્યનું મંદિર પણ આવેલ છે.બાલાજી મંદિરે આવતા ભાવિકોમાં માથાના મુંડનનો મહિમા અનેરો છે. લગભગ બધાં જ ભાવિકો અહિં આવીને મુંડન કરાવે છે અને સ્ત્રીઓ માથાની એક લટ કપાવે છે. આ ક્રિયા કલ્યાણકટ્ટ નામક સ્થાને નાઈઓ દ્વારા થાય છે. ભગવાન વેંકટેશ્વરના મંદિરની બાજુમાં આવેલ સ્વામી પુષ્કરિણી સરોવરમાં સ્નાન કરીને પછી જ ભગવાનના દર્શન કરવાની માન્યતા છે. આ સરોવરની પશ્ચિમ બાજુએ ભગવાન વરાહનું મંદિર છે. જેના દર્શન કર્યા બાદ ભગવાન બાલાજીના દર્શન કરવા જોઈએ.અંદર ભગવાન વિષ્ણુની ૭ ફુટ ઉંચી અને ભવ્ય મૂર્તિ આવેલ છે, જેના દર્શન માટે દરરોજ લાખો આંખો તરસતી હોય છે! ગદા,શંખ,ચક્ર અને પદ્મધારી ભગવાન નારાયણ અલૌલિક પ્રતિભાના સ્વરૂપ સમા જગત આખા પર પોતાની કૃપા વહાવતા નજરે પડે છે.આ ઉપરાંત તિરુપતિની આજુબાજુ અનેક તિર્થ આવેલા છે. જેમાં આકાશગંગા, જાબાલિ તીર્થ, પાપનાશક તીર્થ, પાંડવ તીર્થ, વૈકુંઠ તીર્થ વગેરે આવેલ છે. તિરુચાન્નુરમાં પદ્મ સરોવર અને પદ્માવતી ચ લક્ષ્મીજીનું મંદિર આવેલ છે. તિરુપતિ શહેરમાં શ્રીગોવિંદરાજનું વિશાળ અને ભવ્ય મંદિર આવેલ છે. જેમાં આવેલ શેષનાગ પર શયન કરતા ભગવાન વિષ્ણુની શેષશાયી નારાયણ નામની ભવ્ય મૂર્તિની સ્થાપના શ્રીરામાનુજાચાર્યએ કરી હતી.ભગવાન વેંકટેશ્વરની મૂર્તિ પર એક સ્થળે ઘાવનું નિશાન છે. તેની પાછળની એક રોચક વાત એવી છે કે, જુના જમાનામાં તળેટીમાં રહેતો એક ભક્ત દરરોજ પોતાની ગાયનું દુધ ભગવાનને ધરવા માટે વેંકટાચલ પર્વત ચડીને આવતો. બુઢાપો આવ્યો એટલે તે પર્વત ચડી શકવામાં અસમર્થ બન્યો. એટલે જગતનાથ ભગવાન નારાયણ ખુદ ચુપકીદી આવીને અલગ વેશે આવીને સીધા તેમની ગાયના આંચલમાંથી જ દુધ પી જતાં!કાયમ ગાય દુધ ન દેતી હોવાથી ભક્તને આશ્ચર્ય થયું. એક દિવસ છુપાઈને જોયું તો એક માણસ આવીને ગાયના આંચળોમાંથી દુધ પીતો હતો.ગાય પણ સાવ સોજી બનીને ઊભી હતી!ભગવાનના વેશપલટાથી અજાણ ભક્તને ગુસ્સો ચડ્યો. તેનાથી આ અજાણ્યા માણસની અવળચંડાઈ સહન ન થઈ. તેણે લાકડી લઈને પાછળથી વેંકટેશ્વરની ઉપર જોરથી ફટકો માર્યો. અને ત્યારબાદ ભગવાને હસતાં-હસતાં પોતાના મુળરૂપના દર્શન આપ્યા. તે પછી તો પેલાં ભક્તને જાણે પસ્તાવાનો પાર નહોતો રહ્યો, પણ પ્રભુ તો દરિયાવ દિલ હોય છે!આ મંદિરનો ત્રુટક ઈતિહાસ તો છેક પાંચમી સદીથી મળે છે. પણ નવમી સદીથી તબક્કાવાર ઈતિહાસ મળવાની શરૂઆત થાય છે.

નવમી સદીમાં આ ભૂમિ કાંચીપુરમ્ ના પલ્લવ રાજવીઓના હાથમાં હતી. પંદરમી સદીમાં આ સ્થાન પર વિજયનગરના સામ્રાજ્યનો ઝંડો ખોડાયો. પંદરમી સદી પછી આ મંદિરની ખ્યાતિ ભારતભરમાં ફેલાવાની શરૂઆત થઈ.૧૮૪૩ થી ૧૯૩૩ એટલે કે અંગ્રેજ શાસનમાં આ મંદિરનું સંચાલન હતીરામજી મઠના મહંતોએ કર્યું. ત્યાર બાદમાં મદ્રાસ સ્ટેટએ તિરુમલા-તિરુપતિ; સમિતિને હસ્તક આ મંદિરનું પ્રશાસન સોંપ્યું. આઝાદી બાદ આ સમિતિમાં થોડો ફેરફાર થયો અને રાજ્ય સરકારવતી સમિતિ સંચાલન માટે એક મુખ્ય પ્રતિનિધિ નિમાયા બાદ મંદિરનું સંચાલન ચાલ્યું. જો કે,સમગ્ર જગતનું સંચાલન તેમની અંદર રહેલ નારાયણ જ કરે છે!આ મંદિર સાથે કેટલીક રહસ્યમયી અને અચંબાભરી વાતો પણ જોડાયેલી છે. જો કે,એમાં તથ્ય શું છે એ તો વેંકટેશ્વર જાણે પણ આ વાતોની ચર્ચા થાય છે અને લોકો આ વાતોથી આકર્ષિત પણ થાય છે. જો કે વાતમાં વૈજ્ઞાનિક તથ્ય પણ હોય છે પણ એ નજરે ચડ્યું નથી. આમેય કુદરતના ઘણા કરિશ્માઓ ખોજકારો જાણી શકતા નથી જ!એ રહસ્યભરી વાતોનો સારાંશ કહેવાય છે કે,ભગવાન વેંકટેશ્વરની પ્રતિમાના મસ્તક પરના વાળ કેટલાય વર્ષોથી એમને એમ જ છે. હજી સુધી એ જરડાયા નથી કે કોઈ પ્રકારની ખામી આવી નથી માટે ભાવિકો માને છે કે, તે સાક્ષાત્ માનવસ્વરૂપ ભગવાનના જ વાળ છે.

? અન્ય એક હેરતજનક વાત એ છે કે,જો કોઈ ભગવાનની પ્રતિમાની પીઠ પાસે કામ માંડે તો અંદરથી સમુદ્રનો ઘુઘવતો અવાજ સંભળાય છે! આ સાગરગર્જન કેમ સંભળાય છે એતો ભગવાન જાણે પણ હાં ભગવાનની પીઠ સદાય ભીની જ રહે છે. એને સાફ કરો તો પણ ફરીવાર એની પીઠ પર એની એજ ભિનાશ આવીને ઊભી રહે છે!અમુક લોકો આ બંને તથ્યોને એકબીજા સાથે સબંધ હોવાનું માને છે.

? તમે જો ગર્ભગૃહની અંદર રહીને ભગવાનની મૂર્તિ જુઓ તો તે તમને ગર્ભગૃહની બરાબર મધ્યમાં જ વિરાજમાન લાગશે પણ જો ગર્ભગૃહની બહાર રહીને દર્શન કરો તો લાગશે કે મૂર્તિ મંદિરના જમણી બાજુ સ્થિત છે! લાગે છે કે,આ સ્થાપત્ય કલાની બેજોડ મહારથનું પરિણામ હશે!

? પર્વતથી લગભગ ત્રેવીસ કિલોમીટર દુરના એક ગામમાંથી વેંકટેશ્વરની પૂજા માટેની બધી સામગ્રી લાવવામાં આવે છે. પુષ્પ,દુધ,ઘી વગેરે બધી સામગ્રી માત્રને માત્ર એ ગામમાંથી જ લવાય છે. અને એ ગામમાં કોઈપણ બહારની વ્યક્તિને પ્રવેશવા દેવામાં આવતી નથી.

? કહેવાય છે કે,મંદિરની અંદર એક દિપક જલે છે કેટલાય વર્ષોથી અને અચંબિત કરી દેનાર વાત એ છે કે, એમાં કોઈપણ દિવેલ કે રૂની વાટ ઈત્યાદિ કોઈપણ વસ્તુ નાખતું નથી! એ કેટલાય વર્ષોથી એમનેમ જ સળગે છે! ખબર નહિ શું હશે આની પાછળનું રહસ્ય ! વેંકટેશ્વર જ જાણે!

? વેંકટેશ્વરજીની પ્રતિમા પર એક ખાસ જાતનું જલદ કપુર લગાડવામાં આવે છે. આ કપુર જો બીજા કોઈ પથ્થર પર લગાડવામાં આવે તો એ પથ્થર પર આ કપુર અત્યંત જલદ રાસાયણિક પ્રક્રિયા કરે અને પથ્થરને ઓગાળી નાખે. પણ વેંકટેશ્વરની મૂર્તિ પર એવું કાંઈ થતું નથી!

? દર ગુરૂવારે ભગવાન વિષ્ણુની આ મૂર્તિને પૂર્ણપણે ચંદનનો લેપ લગાડવામાં આવે છે. અને જ્યારે લેપ ઉતરાય છે ત્યારે લક્ષ્મીજીની મૂર્તિ આકાર લે છે! મતલબ કે,મૂર્તિમાં લક્ષ્મીજીના દર્શન થાય છે!અને ભગવાનના પોશાક તરીકે પણ નીચે ધોતી અને ઉપર સાડી પહેરાવાય છે! આ એક ઔર અચંબિત કરી દેનાર હક્કીત છે.

? મંદિરમાં ભાવિકો યથાશક્તિ અનુસાર દાન કરે છે. પરિણામે મંદિર પાસે કરોડોની સંપત્તિ છે. કહેવાય છે કે,આ દાનની પ્રથા વિજયનગરના મહાન સમ્રાટ મહારાજા કૃષ્ણદેવરાયે કરી હતી.

? ભગવાન બાલાજી અથવા વેંકટેશ્વરના આ મંદિર પર થતી અસંખ્ય ભાવિક-સંખ્યા એ પ્રભુ પરના પૂર્ણ વિશ્વાસનું પ્રતિક છે. એની ભક્તિ જ દરેક દુઃખ હરનારી છે. શ્રધ્ધાનો વિષય હોય તો પુરાવાની શી જરૂર ! તિરુપતિ બાલાજીનું આ મંદિર સદાયે ભક્તોના આકર્ષણનું કેન્દ્ર રહેશે.

### વહેલી પરોઢે ૪૪ વાહનોમાં શ્રદ્ધાળુઓ રવાના

## અમરનાથ યાત્રા : દર્શન માટે ૧૨૮૨ શ્રદ્ધાળુ રવાના થયા

### ૨૮મી જુને વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ થયા બાદ હજુ સુધી ૨૪૫૦૦૦ શ્રદ્ધાળુઓ દ્વારા બાબા બર્ફાનીના દર્શન

એજન્સી દ્વારા

શ્રીનગર,તા. ૨૪

વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. આજે વહેલી પરોઢે ૧૨૮૨ શ્રદ્ધાળુઓની નવી ટુકડી કાશ્મીર ખીણ માટે જમ્મુથી રવાના કરવામાં આવી હતી. તમામ શ્રદ્ધાળુઓ મજબુત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવાના થયા હતા. ૪૪ વાહનોમાં તમામ શ્રદ્ધાળુઓ ભગવતી નગર યાત્રી નિવાસથી રવાના કરવામાં આવ્યા હતા. બેચમાં રહેલા લોકો બલતાલ અને પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા છે. યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદથી હજુ સુધી ૨૪૫૦૦૦ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ અમરનાથ યાત્રામાં સામેલ થનાર શ્રદ્ધાળુઓ માટે સેવામાં રહેલી એક સંસ્થાએ ભવિષ્યમાં અમરનાથ યાત્રાની અવધિને ૩૦ દિવસ સુધી કરવાની રજૂઆત કરી છે. જેના પર ટુંક સમયમાં નિર્ણય લેવામાં આવનાર છે. સંસ્થાનુ કહેવુ છે કે આ ગાળા દરમિયાન ૯૦ ટકાથી વધારે શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ૩૮૮૦ મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે ભારે ઉત્સુક બનેલા છે.આજે સવારે જુદા જુદા વાહનોમાં આ ટુકડી ખીણ માટે રવાના થઈ હતી.તેમની સાથે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ રાખવામાં આવ્યા હતા. અમરનાથ શ્રદ્ધાળુઓની સંખ્યા હજુ પણ વધી રહી છે. ૬૦ દિવસ સુધી ચાલનાર આ યાત્રા ૨૮મી જૂનના દિવસે શરૂ થઈ હતી. ગંદરબાલમાં બાલતાલ અને અનંતનાગ જિલ્લામાં પહેલગામના બે રુટ પરથી અમરનાથ યાત્રા ચાલી રહી છે. હજુ સુધી ૨.૪૫ લાખથી વધુ લોકો અમરનાથના દર્શન કરી ચુક્યા છે. અમરનાથમાં કુદરતીરીતે બનતા બરફના શિવલિંગના દર્શન માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધાળુઓના આ કાફલામાં મહિલાઓ અને સાધુ સંતો સામેલ છે. અમરનાથ દર્શન માટે રવાના થયેલી શ્રદ્ધાળુઓની

### બે મહાકાય કંપનીના મર્જરનો માર્ગ મોકળો

## વોડાફોન-આઈડિયા દ્વારા ૭૨ અબજ ચુકવી દેવાયા

### આગામી થોડાક દિવસમાં મર્જરને મંજુરી મળશે : રોકડ અને બેંક ગેરંટી રૂપે મહાકાય રકમ ચુકવી દેવામાં આવી

એજન્સી દ્વારા

નવીદિલ્હી,તા. ૨૪

વોડાફોન-આઈડિયા સેલ્યુલર મર્જર થશે કે કેમ તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કારણ કે, વોડાફોન-આઈડિયા સેલ્યુલરે ૭૨ અબજ રૂપિયા રોકડ અને બેંક ગેરંટીમાં ચુકવી દીધા છે. યાની સાથે જ મર્જરનો ટુંક સમયમાં જ મંજુરી મળી જશે. ફાઈનાન્સિયલ દુવિધાને લઈને હવે કોઈ સમસ્યા રહી નથી ત્યારે વોડાફોન-આઈડિયા સેલ્યુલરના મર્જરનો આગામી થોડાક દિવસમાં મંજુરી આપી દેવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા કરવામાં આવેલી સ્પેક્ટ્રમ ચાર્જની માંગને લઈનો હવે કોઈ દુવિધા રહી નથી. કંપનીઓએ વન ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ માટે ૩૩.૨૨ અબજ રૂપિયાની બેંક ગેરંટી આપી દીધી છે. આ ઉપરાં સ્પેક્ટ્રમ માટે ૩૯.૨૬ અબજ રૂપિયા રોકડમાં આપી દીધા છે. ચુકવણી કરવામાં આવ્યા બાદ હવે વોડાફોન-આઈડિયા નામની નવી કંપની ટૂંક સમયમાં જ શરૂ થઈ શકશે અને મર્જરને મંજુરી મળી શકશે. જો કે, હજુ પણ કેટલીક દુવિધાઓ અને પડકારો રહેલા છે. કંપનીઓએ સુરક્ષા હેઠળ આ રકમ ચુકવી દીધી છે. કંપનીઓ દ્વારા દેવાની ફેર ગણતરી માટેની માંગ કરી છે પરંતુ ડોટ દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. વિલંબનો ટાળવાના હેતુસર કંપનીઓ દ્વારા સરકાર દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ પૂર્ણ રકમ ચુકવી દેવાનો નિર્ણય કર્યો છે. હવે કોઈપણ વિલંબ વગર બંને કંપનીઓ આગળ વધી શકશે. વોડાફોન અને આઈડિયાના ટોચના અધિકારીઓએ હાલમાં જ મિટિંગ યોજી હતી જેમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, હવે વિલંબ માટે કોઈ કારણ નથી. સંયુક્ત ટ્રેનિંગની શરૂઆત પણ થઈ ચુકી છે. આની સાથે જ વોડાફોન આઈડિયા દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની બની જશે.

## મોદીની પસંદગીની કેટલીક યોજનાઓ અધ્ધરમાં લટકી

### સ્માર્ટ સિટી યોજનાઓ માટે ૯૯૪૩ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા હોવા છતાંય ૧૮૨ કરોડનો ખર્ચ કરાયો

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પસંદગીની કેટલીક યોજનાઓ અધ્ધરમાં લટકેલી છે. તેમની આ મહત્વકાંક્ષી યોજનાઓ અપેક્ષા મુજબની યોજના સાથે આગળ વધી શકી નથી. સ્માર્ટ સિટી યોજનાથી લઈને પીએમ આવાસ યોજનાના કામકાજમાં ધીમી ગતિના કારણે સંસદની સ્ટેન્ડિંગ કમીટી દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કમીટીએ માહિતી આપતા કહ્યુ છે કે સ્માર્ટ સિટી , અમૃત હૃદય, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના અને રાષ્ટ્રીય શહેરી આજીવિકા યોજનાઓ શરૂ થવાથી લઈને હજુ સુધી કુલ ૩૬૧૯૪.૩૯ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા છે પરંતુ આ જંગી રકમ પૈકી ૭૮૫૦.૭૧ કરોડ રૂપિયાની રકમ જ ખર્ચ કરવામાં આવી છે. આમાંથી પણ સ્માર્ટ સિટી યોજના માટે ૯૯૪૩ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા હતા. પરંતુ ખર્ચનો આંકડો ૧૮૨.૬૨ કરોડનો રહ્યો છે. એટલે કે ૧.૮૩ ટકા જેટલી રકમ જ ખર્ચ કરવામાં આવી છે. આવી જ રીતે શહેરોમાં પાણી પુરવઠા માટેની અમૃત યોજના હેઠળ ૧૨૪૪૭ કરોડ રૂપિયાની રકમ જારી કરવામાં આવી હોવા છતાં માત્ર ૨૯ ટકા રકમ ખર્ચ કરવામાં આવી છે.

સ્વચ્છ ભારત મિશન માટે પણ જેટલા પ્રમાણમાં રકમ જારી કરવામાં આવી છે તે પૈકી ૩૮ ટકા રકમ જ ખર્ચ થઈ શકી છે. આવાસ યોજનામાં ૨૦ ટકા રકમનો જ ખર્ચ કરવામાં આવ્યો છે. આ તમામ યોજનાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજનાઓમાં સામેલ રહી છે. જો કે આ તમામ યોજનાનો લઈનો ઉદાસીનતા દેખાઈ રહી છે.

ISO 9001:2015 CERTIFIED

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808

**તા. ૨૫.૦૭.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....**

**નિફ્ટી ફ્યુચર ૧૧૨૦૨ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

●તા. ૨૪.૦૭.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૧૪૦ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૧૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૧૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૧૧૧ પોઈન્ટ થી ૧૦૯૮૮ પોઈન્ટ, ૧૦૯૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

●તા. ૨૪.૦૭.૨૦૧૮ ના રોજ બેંક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૦૧૬ પોઈન્ટ :-

આગામી સંભવિત બેંક નિફ્ટી ફ્યુચર ૨૭૨૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૭૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૯૭૦ પોઈન્ટ થી ૨૬૯૦૯ પોઈન્ટ, ૨૬૮૮૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

●સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૯૧૪ ) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૯૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૯૨૬ થી રૂ.૯૩૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૯૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

●બાટા ઈન્ડિયા ( ૮૯૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૮૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૧૩ થી રૂ.૯૧૯ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

●તાતા સ્ટીલ ( ૫૨૮ ) :- રૂ.૫૧૩ નો પ્રથમ તેમજ રૂ.૫૦૫ ના બીજા સપોર્ટથી સ્ટીલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૩૬ થી રૂ.૫૪૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

●હિન્દ પેટ્રો ( ૨૮૪ ) :- જીં ઓઈલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૯૨ થી રૂ.૨૯૯ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૨૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

●જિંદાલ સ્ટીલ ( ૧૯૫ ) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૮૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સ્ટીલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૦૨ થી રૂ.૨૦૯ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

●અમર રાજા બેટરીઝ ( ૮૦૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટર નો આ સ્ટોક રૂ.૮૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૮૮ થી રૂ.૭૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

●હેવેલ્સ ઈન્ડિયા ( ૬૦૨ ) :- રૂ.૬૧૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૫૯૦ થી રૂ.૫૮૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

●વોકહાર્ટ લિમિટેડ ( ૫૭૪ ) : ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૮૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૬૬ થી રૂ.૫૬૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

●એકસિસ બેંક ( ૫૪૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેંક સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૬૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૩ થી રૂ.૫૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

●ભારત પેટ્રોલિયમ ( ૩૯૭ ) :- રૂ.૪૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૧૬ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૯૦ થી રૂ.૩૮૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૨૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

### ચાંદખેડા વિસ્તારમાં જ્વેલર્સની દુકાનમાં ચોરી

# તસ્કરોનો ફરી આતંક : ૪.૨૫ લાખના દાગીનાની કરેલી ચોરી

## તસ્કર ટોળકી પાંચ કિલો ચાંદી અને સોનાના પેન્ડલ સહિત સોના-ચાંદીના દાગીના ચોરી ફરાર થઈ : ઉંડી શોધખોળ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૪

શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલા એક જ્વેલર્સની દુકાનમાં વહેલી સવારે તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરો શટરનું લોક અને કાચનો દરવાજો તોડી લાખો રૂપિયાની મતાના સોના અને ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઇ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ બનાવ અંગે ચાંદખેડા પોલીસે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ ચાંદખેડાના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં આવેલા વિષ્ણુનગરમાં રાજેશભાઈ પાતળિયા પોતાના પરિવાર સાથે રહે છે. ઘરની બહારના ભાગે જ રતન જ્વેલર્સ નામે દુકાન ધરાવી સોના-ચાંદીનો વેપાર કરે છે. સોમવારે મોડી રાતે રાજેશભાઈ તેમના પુત્રને એરપોર્ટ પર મૂકવા માટે ગયા હતા. એરપોર્ટથી તેઓ રાતે ૩.૩૦ વાગ્યે ઘરે પરત ફર્યા હતા. ઘરે આવીને તેઓ સુતા તેની ૨૦ મિનિટ બાદ ઘરમાં અવાજ થયો હતો. અવાજના લીધે ઘરના અન્ય સભ્યો પણ જાગી ગયા હતા. તેઓએ તેમની દુકાનમાં જઈ તપાસ કરતા માલસામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. દુકાનમાં તસ્કરોનું શટર તોડી અંદર પ્રવેશી દુકાનમાં રહેલા સોના અને ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. તસ્કરો દુકાનમાંથી આશરે પાંચ કિલો ચાંદી અને સોનાના પેન્ડલ મળી રૂ. ૪.૧૫ લાખની મતાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. તસ્કરો દુકાનમાં લાગેલા સીસીટીવીનું ડીવીઆર પણ ચોરી ગયા હતા. ચાંદખેડા પોલીસને જાણ કરાતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જો કે, બનાવને પગલે વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. તસ્કરો એટલી સિફતતાપૂર્વક હાથ સાફ કર્યો હતો કે, ઘરની બહાર જ દુકાન હોવાછતાં ઘરના સભ્યોને ચોરીની જાણ સુધ્ધાં થઇ ન હતી.

### બર્થ ડે પાર્ટીમાં સુરેન્દ્રનગરના રિસોર્ટમાં ઉજવણી

# દારૂ-ડાન્સની મહેફિલ માણતાં ક્રાઈમબ્રાંચના PSI ઝડપાયા

## અમદાવાદ ક્રાઈમબ્રાંચના પીએસઆઈ પકડાતાં પોલીસ બેડામાં ચકચાર મચી: અમદાવાદ પોલીસને રિપોર્ટ કરાશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ પી. એસ. સિંગરખિયા બે ડાન્સર યુવતીઓ અને અન્ય યુવકો સાથે દાણીલીમડાના વેપારીની જન્મદિવસની સુરેન્દ્રનગર ખાતેના એક રિસોર્ટમાંથી દારૂની મહેફિલ માણતા ઝડપાતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઇ છે. સુરેન્દ્રનગરના મોટી મજેઠી ગામે આવેલા રિસોર્ટમાં બજાણા પોલીસે દરોડો પાડી કુલ ૨૧ શખ્સોને ઝડપી લીધા હતા, જેમાં નશામાં ચકચૂર બનેલા આઠ શખ્સો સામે દારૂ પીધેલાનો ગુનો દાખલ કરાયો હતો જ્યારે પીએસઆઈ સિંગરખિયા અને યુવતી સહિતના બાકીના ૧૩ લોકોનાં બ્લડ સેમ્પલ લઈને જવા દેવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું હતુ કે, પીએસઆઈ રજા પર ન હોવા છતાં તેઓ દારૂની મહેફિલમાં હાજર હતા, જેને લઈ સુરેન્દ્રનગર પોલીસ અમદાવાદ પોલીસને જાણ કરશે. સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના મોટી મજેઠી ગામમાં આવેલા રિસોર્ટમાં અમદાવાદના દાણીલીમડામાં રહેતા ટાઇલ્સના વેપારી ઇરફાન રઝાક મેમણના જન્મદિવસની પાર્ટી મનાવવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના પીએસઆઇ પ્રશાંત સિંગરખિયા અને ચાર યુવતીઓ સહિતના નબીરાઓ સામેલ થયા હતા. બજાણા પોલીસે દરોડો પાડી અમદાવાદના ૧૧ લોકો સહિત ૨૧ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે પીએસઆઈ સહિતના લોકોનું મેડિકલ કરાવ્યું હતું, જેમાં નશામાં ચકચૂર બનેલા આઠ શખ્સો સામે ગુનો દાખલ કરાયો હતો, જ્યારે બાકીના ૧૩ લોકોનાં બ્લડ સેમ્પલ લઇ જવા દેવાયા હતા. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા દીપક મેઘાણીએ જણાવ્યું હતું કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ જેવી મહત્ત્વની એજન્સીના જવાબદાર પીએસઆઇ રજા પર ન હોવા છતાં તેમના કાર્યક્ષેત્રથી બહાર હતા. આ મામલે અમદાવાદ પોલીસને રિપોર્ટ કરવામાં આવશે. પાંચ ગાડીઓ પણ કબજે કરવામાં આવી છે, જેમાં એક ગાડી પીએસઆઈ લઈને આવ્યા હતા, તેની પણ તપાસ કરવામાં આવશે. પીએસઆઈ દારૂ પીધેલા ન હતા છતાં પણ તેમના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યાં છે. આ બાબતે તમામની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, કોઈને પણ છોડવામાં આવશે નહીં. રિસોર્ટની સામે આવેલી હોટલમાં આ નબીરાઓ જમવાનું લેવા ગયા હતા. હોટલ માલિકે પૈસા માગતાં પૈસા આપવાની ના પાડીને બોલાચાલી કરી હતી. પોલીસને જાણ કરાતાં પોલીસ હોટલ પર આવી હતી. બાદમાં ખાનગી રીતે તપાસ કરતાં દારૂ પીધેલા ઝડપાયા હતા. પીએસઆઈ સિંગરખિયાની ગાડી પણ જપ્ત કરી લેવામાં આવી છે. બીજીબાજુ, શહેર ક્રાઈમબ્રાંચના પીએસઆઈ સિંગરખિયા દારૂની મહેફિલ માણતાં ઝડપાયાના સમાચારને પગલે અમદાવાદ સહિત રાજયના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઇ છે.

### શહેરમાં વરસાદના હળવાથી ભારે ઝાપટાં જારી

# અમદાવાદ શહેરમાં મોડી રાતથી વરસાદનો માહોલ

## હિલ સ્ટેશન જેવા માહોલથી રોમાંચકતા વધી : કોલેજના વિદ્યાર્થીઓ વરસાદની મજા લેતા દેખાયા : તાપમાન ઘટ્યુ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

ચારેક દિવસ પહેલાં અમદાવાદ શહેરમાં ભારે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર તોફાની વરસાદ તૂટી પડયા બાદ મેઘરાજાએ સહેજ વિરામ લઇ આજ સવારથી અમદાવાદ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં મેઘમહેર વરસાવવાનું ચાલુ કર્યું હતું. અમદાવાદ શહેરમાં સમગ્ર દિવસ દરમ્યાન વરસાદના હળવાથી ભારે ઝાપટાં ચાલુ રહ્યા હતા, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં સામાન્ય પાણી ભરાઇ ગયા હતા. બીજીબાજુ, શહેરમાં વરસાદી માહોલને લઇ ટ્રાફિક ચક્કાજામની સ્થિતિ વચ્ચે જાહેર માર્ગો પર ભુવા અને ખાડાઓ પડવાની સમસ્યા ચાલુ રહેવા પામી હતી. આજે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ અમદાવાદ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદના હળવાથી ભારે ઝાપટા શરૂ થઇ ગયા હતા. સમગ્ર દિવસ દરમ્યાન આ વરસાદી ઝાપટાંઓ ચાલુ રહ્યા હતા. અમદાવાદીઓ વરસાદી માહોલને લઇ ખુશખુશાલ બન્યા હતા. શહેરીજનોએ બાફ અને ઉકળાટના વાતાવરણમાં રાહત મેળવી હતી અને વરસાદી ઠંડકનો અનુભવ કર્યો હતો. આજે શહેરના એસ.જી.હાઇવે, વેજલપુર, જોધપુર, વસ્ત્રાપુર, સેટેલાઇટ, નારણપુરા, નવરંગપુરા, વાસણા, મણિનગર, સીટીએમ, હાટકેશ્વર, મેઘાણીનગર, બાપુનગર, નરોડા, નારોલ સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. વરસાદી ઝાપટાઓના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. ખાસ કરીને પૂર્વના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાની સૌથી વધુ અસર જોવા મળી હતી. સમગ્ર દિવસ દરમ્યાન ચાલુ રહેલા વરસાદી ઝાપટાઓ વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર ભુવા અને ખાડાઓ પડવાની સમસ્યા ચાલુ રહી હતી, જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર પણ આજે ભારે વરસાદ નોંધાયો હતો.

### ધોરણ ૧૧-૧૨ સામન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રનું પરિરૂપ યથાવત

# આખરે ધોરણ ૯થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય

## ધોરણ ૧૦-૧૨ની માર્ચ ૨૦૧૯માં લેવામાં આવનાર બોર્ડની પરીક્ષા માટે હાલની પરીક્ષા પદ્ધતિ યથાવત : ધોરણ ૯માં આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૪

એનસીઈઆરટીના પાઠ્યપુસ્તકોને અમલી કરવામાં આવ્યા બાદ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની પરીક્ષા પદ્ધતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી નોંધપાત્ર ફેરફાર કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. ધોરણ ૯માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ અને ધોરણ ૧૦માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી વાર્ષિક પરીક્ષામાં ૮૦ ગુણ અને સર્વગ્રાહી મૂલ્યાંકનના બદલે આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વાર્ષિક પરીક્ષામાં ૮૦ ગુણ અને આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૦ ટકા ગુણ હેતુલક્ષી પ્રશ્નોના રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૧૮થી ધોરણ ૯માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તથા અંગ્રેજી પ્રથમ ભાષા અને ધોરણ ૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી પ્રથમ ભાષામાં એનસીઈઆરટીના પુસ્તકોને અમલી કરવામાં આવ્યા છે જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજ રીતે આજરીતે પાઠ્યપુસ્તકોનો અમલ થતો હોવાથી રાજ્ય સરકારે ધોરણ ૯થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં મહત્વના ફેરફાર કર્યા છે. પરીક્ષા પદ્ધતિમાં આ મહત્વના ફેરફારના કારણે વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્યનો વિકાસ થશે. જેઇઇ અને નીટ જેવી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શકે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષણમંત્રી ચુડાસમાએ કહ્યું હતું કે, એનસીઈઆરટીના પાઠ્યપુસ્તકોને અમલી કરવામાં આવ્યા છે. બદલાયેલા પાઠ્યક્રમના પરિણામે પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ૨૦૧૮થી ધોરણ ૧થી ૯માં પ્રથમ કસોટીના ૫૦ ગુણ, બીજી કસોટીના ૫૦ ગુણ અને વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણ રહેશે. હેતુલક્ષી પ્રશ્નો, નિબંધ લક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. વર્ષ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષાઓ અને આંતરિક મુલ્યાંકનના કુલ ૨૦૦ ગુણના ૫૦ ગુણમાંથી વાર્ષિક મુલ્યાંકન કરવાનું ૧૦૦ ગણતરી કરીને રહેશે. વિદ્યાર્થીઓને પાસ થવા માટે ૩૩ ગુણ લાવવાના રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ ૯માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના બદલે આંતરિક મૂલ્યાંકનના રહેશે જે ૨૦ ગુણના રહેશે. આજે લેવામાં આવેલા નિર્ણયોને લઇને વાલીઓમાં પણ ચર્ચા જોવા મળી હતી. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ ૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા એમસીક્યુ ઓએમઆર પદ્ધતિના સ્થાને બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. ૮૦ ટકા પ્રશ્નો ટુંકા તથા લાંબા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે. ધોરણ ૧૦ અને ૧૨ની માર્ચ ૨૦૧૯માં લેવામાં આવનાર બોર્ડની પરીક્ષા માટે હાલની પદ્ધતિ યથાવત રહેશે. ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં પ્રશ્નપત્રનું પરિરુપ યથાવત રહેશે.

### ઉત્તર, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ

# રાજપીપળા-નર્મદામાં ભારે વરસાદ બાદ પાણી ભરાયા

## રાજ્યમાં હજુ સુધી વરસાદ સંબંધિત બનાવોમાં ૪૫ના મોત : માનવ-પશુ મૃત્યુ સહાય પેટે રકમની ચુકવણી થઈ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો છે. આજે રાજપીપળા અને નર્મદા અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ મધ્યપ્રદેશ અને દક્ષિણ ઉત્તરપ્રદેશ ઉપર મોર્નિંગ લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે. સાથે સાથે એસોસિએટેડ અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પણ પ્રવર્તી રહી છે જેના લીધે વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. દરમિયાન રાજ્યમાં માનવ-પશુ મૃત્યુ સહાય પેટે એક કરોડથી વધુની રકમ ચુકવી દેવામાં આવી છે. આજે ગાંધીનગરમાં વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ થઈ શકે છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે નર્મદા ડેમ અને ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. ગાંધીનગરમાં આજે વેધર વોચ ગ્રુપની સાપ્તાહિક બેઠક યોજાઈ હતી જેમાં હવામાન વિભાગના નિયામક ડો. જયંત સરકારે માહિતી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં ભારે વરસાદથી સંબંધિત બનાવોમાં કુલ ૪૫ લોકોના મોત થયા છે. રાજ્ય સરકાર દ્વારા સહાય પેટે ૧૦૮ લાખની સહાયતા ચુકવવામાં આવી છે. આ ઉપરાંત ૩૨૪ પશુ મૃત્યુના કિસ્સામાં ૨૫ લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. ભારે વરસાદવાળા પાંચ તાલુકાઓમાં ૮૪૩૫ વ્યક્તિઓને કેશડોલ પેટે ૯ લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. ૫૬૨ લોકોને ઘરવખરી માટે છ લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. અશંત નાશ પામેલા કાચા મકાન માટે ૧૯૫ કેસમાં નવ લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. અશંત નાશ પામેલા પાકા મકાન માટે ૬૩ કેસમાં ૪ લાખથી વધુની સહાય ચુકવાઈ છે. ૩૪ કેસમાં ઝુંપડા સહાય માટે એક લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. સંપૂર્ણ નાશ પામેલા કાચા મકાન માટે ૩૪ કેસમાં પાંચ લાખથી વધુની સહાય ચુકવવામાં આવી છે. સંપૂર્ણ નાશ પામેલા પાકા મકાનના કેસમાં ૧૫૩૦૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવી છે. રાહત નિયામક અને અધિક સચિવ કોઠારીના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં એનડીઆરએફની કુલ ૨૦ ટીમોને એલર્ટ રાખવામાં આવી છે જે પૈકી સોનગઢ, વલસાડ, ઓલપાડ, નવસારી, પાલનપુર, જેતપુર, ઉના, અમરેલી, જુનાગઢ, ભાવનગર, ગોધરા, દાહોદ, લુણાવાડા, મોડાસામાં એક-એક ટીમ રખાઈ છે. વડોદરાના જારોડ કેમ્પમાં બે ટીમો તથા ગાંધીનગર હેડક્વાર્ટરમાં ચાર ટીમ સ્ટેન્ડબાય રખાઈ છે. વરસાદના કારણે અસરગ્રસ્ત તમામ ગામોમાં વીજ પુરવઠો પુર્વવત કરાયો છે. રાજ્યમાં એક નેશનલ હાઈવે, એક સ્ટેટ હાઈવે અને ૨૫ જિલ્લા-સ્થાનિક માર્ગો બંધ છે જેને શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે.

# તમામ મિલકતને લઈ ખાસ એસ્ટેટ પોલિસી ઘડી કઢાશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેરભરમાં અંદાજે રૂ. પાંચ હજાર કરોડની મિલકતો છે. જેમાં ખુલ્લા પ્લોટ, બિલ્ડીંગો અને જાહેર મેદાનો સહિતની કિંમતી જગ્યાઓનો સમાવેશ થાય છે પરંતુ તેમાંથી ઘણી મિલકતો એવી છે કે, તેની સંપૂર્ણ માહિતી કે, તેની જાળવણી સહિતની બાબતોનું અમ્યુકો સત્તાવાળાઓ પાસે કોઇ સંકલન કે વ્યવસ્થાતંત્ર જ નથી. અનેક જગ્યાએ સોનાની લગડી જેવા પ્લોટ છે તો ભાડે અપાયેલી મિલકત પણ છે, જોકે હજુસુધી તંત્ર દ્વારા પ્લોટ સહિતની મિલકતોની માહિતીનું સુવ્યવસ્થિત સંકલન કરાયું નથી. પરંતુ હવે મોડે મોડે પણ અમ્યુકોમાં સત્તાસ્થાને આવેલા ભાજપના નવા શાસકોએ અમ્યુકોની માલિકીની આવી તમામ મિલકતોને લઇ એક ખાસ એસ્ટેટ પોલિસી ઘડી કાઢવાની દિશામાં કવાયત હાથ ધરી છે. આગામી દિવસોમાં આ મહત્વના મુદ્દે ચર્ચા વિચારણા પણ હાથ ધરવામાં આવનાર છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી અમ્યુકોની માલિકીની વિવિધ મિલકતોમાં ખાસ કરીને ખુલ્લા અને જાહેર પ્લોટોમાં તો જાળવણી અને તેના ફીઝીકલ પઝેશનને લઇ ભારે બેદરકારી સામે આવી હતી. મ્યુનિસિપલ માલિકીનો કયો પ્લોટ કેટલા ક્ષેત્રફળનો છે, કેવા પ્રકારનો દબાણગ્રસ્ત છે, પ્લોટ ખુલ્લો છે કે તેની ફરતે ફેન્સિંગ કે કમ્પાઉન્ડ વોલ કરાઈ છે વગેરે બાબતોને અનેક વાર શોધવી પડકારરૂપ બની છે. હમણાંથી પાર્કિંગનો મુદ્દો ખૂબ ચગ્યો છે. આ સંજોગોમાં ટીપી સ્કીમમાં મળેલી સોનાની લગડી જેવી કપાતની જમીનનો હેતુ પણ જાણવો ખૂબ અગત્યનો બન્યો છે. હાઈકોર્ટના આદેશના પગલે વહીવટીતંત્ર અને શાસક પક્ષમાં ટ્રાફિકના મામલે જાગૃતિ આવી છે. નાગરિકોને પાર્કિંગ માટે વધુ ને વધુ પ્લોટ ફાળવવાની દિશામાં કવાયત શરૂ કરાઈ છે એટલે મ્યુનિસિપલ પ્લોટની સઘળી માહિતી અપડેટ હોવી જરૂરી છે. બીજી તરફ શહેરભરમાં ભાડે અપાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની દુકાન, દવાખાના સહિતની એક હજાર જેટલી મિલકત છે, પરંતુ જે તે મિલકતને કયા વર્ષે ભાડાપટ્ટે અપાઈ હતી, તેની મુદત ક્યારે પૂર્ણ થાય છે, કયા હેતુ માટે ભાડે અપાઈ હતી જેવી મહત્ત્વની બાબતો અંગે તંત્ર અંધારામાં છે, જેના કારણે ઘણી વખત લીઝ પૂર્ણ થયાના મહિનાઓ બાદ તેની મુદત વધારાની દરખાસ્ત મુકાય છે. કોઈ મિલકત દવાખાનાના હેતુથી અપાઈ હોય અને ત્યાં પાર્લર ધમધમતું થઈ જાય તેવાં ઉદાહરણ પણ પ્રકાશમાં આવ્યાં છે. જેના કારણે શાસકો મ્યુનિસિપલ માલિકીના તમામ પ્લોટ અને ભાડે આપેલી મિલકતો સંબંધિત ઝીણામાં ઝીણી વિગત દર્શાવતું સોફ્ટવેર તૈયાર કરવા જઈ રહ્યા છે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અમૂલ ભટ્ટે જણાવ્યું હતું કે, હાલમાં એસ્ટેટ વિભાગ દ્વારા પ્લોટ અને મિલકતોનો સર્વે ચાલી રહ્યો છે. તેના આધારે સોફ્ટવેર તૈયાર કરીને એસ્ટેટ પોલિસી ઘડી કઢાશે. શહેરમાં અમ્યુકો દ્વારા વસૂલાતા પાર્કિંગના ચાર્જ મામલે તેમણે સ્પષ્ટતા કરી કે, બે-ત્રણ દિવસમાં ઉસ્માનપુરાની પશ્ચિમ ઝોનની ઝોનલ કચેરી ખાતે શહેરનાં વેપારી એસોસિયેશન અને નામાંકિત વ્યક્તિઓ સાથે બેઠક કરીને ટ્રાફિકના પ્રશ્નના નિરાકરણ હેતુ તેમનો અભિપ્રાય લેવાશે, જેમાં પાર્કિંગના દરને ઘટાડીને સામાન્ય લોકોને વધુ માફક આવે તેવા કરવા સહિતના મુદ્દે ચર્ચા-વિચારણા હાથ ધરાશે.

### ભાજપની પ્રદેશ બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

# કોંગ્રેસ પાર્ટી હંમેશા વેરઝેરનું વાવેતર કરે છે : ભરત પંડ્યા

## ભાજપ સૌના સાથ સૌના વિકાસના મંત્ર, લોક કલ્યાણકારી નીતિઓ સાથે વિકાસનું વાવેતર કરે છે : પ્રદેશ પ્રવક્તા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૪

ભાજપની આજે કમલમ ખાતે પ્રદેશ બેઠક યોજાઈ હતી જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં આ બેઠક યોજાઈ હતી. બેઠકમાં પુરપીડિત વિસ્તારોમાં અવિરત સેવા તથા સક્રિય કામગીરી બદલ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા ભાજપના કાર્યકરોની પ્રશંસા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં માહિતી આપતા ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ કહ્યું હતું કે, પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આ બેઠક યોજાઈ હતી જેમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો, જિલ્લા અને મહાનગરના પ્રભારી ઉપસ્થિત રહ્યા હતા. ભરત પંડ્યાએ કોંગ્રેસના ગો ટુ પીપલ કાર્યક્રમને નાટક તરીકે ગણાવતા કહ્યું હતું કે, કોંગ્રેસને પ્રજા સાથે, પ્રજાના પ્રશ્નો સાથે કે સેવાકીય કાર્યોમાં કોઇ રસ નથી. કોંગ્રેસ ગો ટુ પીપલ નહીં પરંતુ ગો ટુ ૬ ૧૦ જનપથ પાર્ટી છે. ૧૦ જનપથ સોનિયા ગાંધીનું નિવાસસ્થાન છે. કોંગ્રેસ માત્ર નેતાઓની પાર્ટી છે. સમગ્ર કોંગ્રેસનો એજન્ડા પ્રજાની સેવાના બદલે માત્ર ગાંધી પરિવારની આસપાસનો રહેલો છે. સેવાકીય કાર્યો અથવા તો કાર્યકરો સાથે તેમને કોઇ લેવાદેવા નથી. કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે રાજ્યમાં મોટાપાયે ભ્રષ્ટાચારની ગતિવિધિ ચાલી હતી. પ્રજા વિરોધી નીતિઓના કારણે પ્રજાએ કોંગ્રેસને ગેટ આઉટ ફ્રોમ દ પાવરનો મેન્ડેટ આપેલો છે. કોંગ્રેસ એક્શન મોડમાં નથી પરંતુ ડિસ્ટ્રીક્શન મોડમાં છે. ગુજરાતની જનતા હમેશા એન્ટી કોંગ્રેસ મોડમાં રહી છે. કોંગ્રેસ સત્તામાં નથી છતાં પણ સમાન્તર સરકાર બનાવવાની વાતો કરે છે જે બિનબંધારણીય, બિનલોકશાહી અને સત્તા લાલસાનું પ્રતિબિંબ છે. કોંગ્રેસે હમેશા વેરઝેરનું વાવેતર કર્યું છે. ભાજપે હમેશા સૌના સાથ સૌના વિકાસના મંત્ર અને લોકકલ્યાણકારી નીતિઓ સાથે વિકાસનું વાવેતર કર્યું છે. પંડ્યાએ પ્રદેશ બેઠકમાં થયેલી કામગીરી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોના પુરપીડિતોને તંત્ર દ્વારા સમયસર મદદ પુરી પાડી જરૂરી રાહત સામગ્રી, સહાય તાત્કાલિક ધોરણે પહોંચાડવા તથા ખેડૂતોને થયેલા નુકસાન બદલ વળતર માટે તાત્કાલિક ધોરણે સર્વેની કામગીરી શરૂ કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન આપવામાં આવ્યા હતા. નિયમિતરીતે યોજાતી આ બેઠકમાં ભાજપ દ્વારા કરવામાં આવેલા પ્રજાકીય સેવા કાર્યો અને સંગઠનના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

### કોર્પોરેશન સફાઈ કામદારોની હડતાળને લઈ ખફા

# રસ્તાઓ પર કચરો ઠાલવનાર સફાઈ કર્મીઓ વિરૂદ્ધ ફરિયાદ

## શહેરના નાગરિકો અને સ્વચ્છતાને બાનમાં લેનાર સફાઈ કામદારોની હડતાળને મ્યુનિ.કમિશનરે ગેરકાયદે ગણાવી



પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કર્મચારીઓની હડતાળનો આજે બીજો દિવસ છે ત્યારે મોટાભાગના કર્મચારીઓએ હડતાળ રાખી મુંડન કરાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. જો કે, આજની હડતાળ દરમ્યાન સફાઇ કામદારોએ મર્યાદા ઓળંગીને શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર ગંદો કચરો અને ઉકરડો ઠાલવી જાહેર ગંદકી ફેલાવવાનો ગંભીર અપરાધ કર્યો હતો, જેને લઇ અમ્યુકો સત્તાવાળાઓ ભારે રોષે ભરાયા હતા. ખાસ કરીને મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરા સફાઇ કામદારોની આવી ગંદી હરકતથી ખિન્ન થયા હતા અને તેમણે અધિકારીઓને જવાબદાર સફાઇ કામદારો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવાના તાત્કાલિક આદેશો જારી કર્યા હતા. જેને પગલે શહેરના વટવા, રામોલ, ખોખરા સહિતના પોલીસ સ્ટેશનમાં કસૂરવાર સફાઇ કામદારો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ હતી. અમદાવાદના મ્યુનિસિપલ કમિશ્નર વિજય નહેરાએ સફાઇ કામદારોની હડતાળને લઇ આકરું વલણ અપનાવ્યું છે અને તેઓને સહેજ પણ દાદ આપવાના મુડમાં નથી. તેમના મતે, સફાઇ કામદારો સમય પર હાજર નથી રહેતા છતાં હાજરી પુરાવા માટે હડતાળ પર ઉતર્યા છે. તો સામે સફાઈ કામદારોનું કહેવું છે કે કાયમી હોવા છતાં અમને લાભોથી વંચિત રખાય છે. ગઇકાલે સવારથી નવા પશ્ચિમ ઝોન સિવાયના ૧૩ હજારથી વધુ સફાઈ કામદારો હડતાળ પર ઉતરી જતાં સફાઈ વ્યવસ્થા ખોરંભે પડી હતી. કોર્પોરેશને કરેલી વૈકલ્પિક વ્યવસ્થા પણ ખોરવવાનો કામદારોએ દિવસભર પ્રયાસ કર્યો હતો.આ હડતાળને મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ ગેરકાયદે ગણાવી હતી. તેમણે કહ્યુ કે, કોઈપણ સંજોગોમાં આ હડતાળને ચલાવી શકાય તેમ નહી. સફાઈ કામદારો હાજરી પૂરતા ન હતા. દૈનિક ૨૫થી ૩૦ ટકા કામદારો બપોર પછી અને ૫૦ ટકા કામદારો ગેરહાજર હોય છે. હડતાળને પગલે કમિશનરે આકરું વલણ અપનાવતા અમદાવાદ મ્યુનિસિપલ સર્વન્ટ્સ એસોસિએશનના હોદ્દેદાર ઈશ્વરભાઈએ મિડીયા સમક્ષ જણાવ્યું કે, જો કમિશનર ગેરકાયદે પગલાં ભરશે, છૂટા કરશે, તો અમે એટ્રોસિટી કરીશું, તેમને જેલ ભેગા કરીશું. જોકે, પ્રમુખ દેવકરણ સાબરીયાએ કહ્યું કે, અમે વધુ રકઝક કરવા માંગતા નથી. ચર્ચા-પરામર્શથી પ્રશ્નનો ઉકેલ આવે તેમાં વધુ રસ છે. અમે કમિશનરની શુભેચ્છા મુલાકાતે ગયા હતા તે સમયે અમારી પડતર માગણીઓ વિશે જાણ કરી હતી અને તે અન્વયે હડતાળ પર જવાની જાણ કરતું આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. આ બધા ઘટનાક્રમ વચ્ચે આજે સફાઇ કામદારોએ વગર વિચાર્યે શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેરમાર્ગો પર ગંદકી-કચરો ઠાલવી પોતે જ જાહેર ગંદકી અને ઉકરડાની બદી ફેલાવવા માટે જવાબદાર ઠર્યા હતા. અમ્યુકો સત્તાવાળા જ નહી ખુદ નાગરિકોએ સફાઇ કામદારોના આવા હલકા વલણ પરત્વે ભારોભાર આક્રોશ વ્યક્ત કર્યો હતો અને તેમના કૃત્યની નિંદા કરી હતી.